Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૯ મું

ઇ. સ. ૧૯૫૨

૨૫ મી ઓક્ટોબર

ज्ञान क्रियाभ्यां मोक्षः

सम्यग्ज्ञानं परमनिधानं

श्री जैनधर्म प्रसारक सभा.

વીર સં. ૨૪૭૮ : કાર્તિક : વિ. સં. ૨૦૦૯

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अनुक्रमणिका

૧. શ્રી સુવિધિ જિન સ્તવન ... ...(મુનિરાજશ્રી રુચકવિજયજી) ૧

૨. નૂતન વર્ષનું "પ્રકાશ"નું ભાવાત્મક અભિનંદન (શ્રી મગનલાલ મોતીચંદ શાહ "સાહિત્યપ્રેમી") ૨

૩. જૈનધર્મ પ્રકાશની મંગળ જ્યોતિ... ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૩

૪. **प्यारा ! प्रकाश** ... ... (**राजमल भंडारी**) ૪

૫. **नूतन वर्ष** ... ... (શ્રી દીપચંદ જીવણલાલ શાહ) ૫

૬. હિતશિક્ષા-છત્રીશી ... ...(પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) ૭

૭. પ્રભુ-પ્રાર્થના... ... ... (સંઘવી ભવાનભાઈ પ્રાગજી) ૯

૮. માનવનો પરમમિત્ર 'વિનય' ... ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૦

૯. નહિ રોષ, નહિ તોષ ... ... (મુનિરાજશ્રી રુચકવિજયજી) ૧૨

૧૦. સાચો દીપોત્સવ ... ... (શ્રી વસંતલાલ કાંતિલાલ) ૧૩

૧૧. ગૃહલક્ષ્મી-ધર્મિષ્ઠા : ૩ : ... ... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૪

૧૨. આત્મભાવનાનો ઉદય અને નિવૃત્તિ ... ... (સં૦ ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ) ૧૭

૧૩. જર્મન અને ઇટાલીયન અનુવાદોથી અલંકૃત જૈન કૃતિઓ (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૧૮

૧૪. સભા સમાચાર ૨૪

નવા સભાસદ

૧. શાહ રમણિકલાલ મોહનલાલ લાઇફ મેમ્બર. ભાવનગર.

આભાર

છેલ્લાં ચાર વર્ષથી તેમજ આ વર્ષે શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક **શ્રી ભોગીલાલભાઇ નગીનદાસ** જેઓ આ સભાના લાઇફમેમ્બર પણ છે, તેમના તરફથી સં. ૨૦૦૯ ના કાર્તિકી પંચાંગ સભાના સભાસદો તેમજ "**શ્રી જૈનધર્મ પ્રકાશ**" માસિકના ગ્રાહક બંધુઓને ભેટ તરીકે આપવા માટે મળ્યા છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

દુગ્ધપાન અને જ્ઞાન-પૂજા

સં. ૨૦૦૯ ના કાર્તિક શુદિ ૧ ને રવિવારના રોજ સભાના મકાનમાં જ્ઞાનપૂજન કરવામાં આવેલ, જે સમયે ઘણા સભાસદ બંધુઓએ હાજરી આપેલ તેમજ સભાના ઉપપ્રમુખ **શ્રી ભોગીલાલભાઇ મગનલાલ શેઠ** તરફથી કરવામાં આવેલ **દુગ્ધપાનને** ન્યાય આપવામાં આવેલ.

કાર્તિક શુદિ પંચમીના રોજ સભાના મકાનમાં ગોઠવવામાં આવેલ જ્ઞાનના દર્શનનો હજારો લોકોએ લાભ લીધેલ તેમજ કા. શુ. છઠ્ઠ ને શુક્રવારના રોજ સવારના જ્ઞાન-સમીપે **પંચજ્ઞાનની પૂજા** ભણાવવામાં આવેલ તેમજ બપોરના **શ્રી પ્રભુદાસ જેઠાભાઈ** તરફથી [redacted]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક ૬૯ મું.
અંક ૧ લો

: કાર્તિક :

વીર સં. ૨૪૭૯
વિ. સં. ૨૦૦૯

શ્રી સુવિધિ જિન સ્તવન

(આદીશ્વર અવલોકીએ, અલબેલા અવદાત હો મુણીંદ–એ દેશી.)

સુવિધિ જિણંદ અવધારીએ, નિજ જનની અરદાસ હો મુણીંદ;
તું સ્વામી છે માહરે, હું તુજ દાસનો દાસ હો મુણીંદ. ૧
જે તેં તાહરા લેખીઆ, તેને દીધા નિજ રાજ હો મુણીંદ;
અમ વેળા કિમ હસી રહ્યાં, ભૂલવીએ મૂલ કાજ હો મુણીંદ. ૨
અમ મૂલ અમ નહિ જાણીએ, જાણો છો સવિ વાત હો મુણીંદ;
વિણુ મૂલવી વસ્તુ વિણસે, સડે પડે આથડે તાત હો મુણીંદ. ૩
દેવું તે તુજ હાથમાં, બીજું તો બધું ખોટું હો મુણીંદ;
કરુણાભર નજરે ચઢ્યા, તેહને નહિ ફરી માંગું હો મુણીંદ. ૪
મોટા મહેરભરે રહે, સેવક નિજ કર્તવ્ય હો મુણીંદ;
રુચકવિજય મહારાજને, આવી બને નિજ કાર્ય હો મુણીંદ. ૫

મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નૂતન વર્ષનું "પ્રકાશ"નું ભાવાત્મક અભિનંદન

લેખકઃ—શ્રી મગનલાલ મોતીચંદ શાહ "સાહિત્યપ્રેમી"

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ.)

અભિનંદન હું અપું મિત્રો ! ભાવથી, નવા વર્ષના નવલ પ્રભાતે આજ જો;
ઊર્મિઓ જાગે છે કંઇ કંઇ જાતની, જેને કહેતાં વધશે હિત સમાજ જો. અભિ૦ ૧
પૂરાં કીધાં અડસઠ શુભ પ્રયાસમાં, ઓગણોતેરમાં પ્રવેશ આજે થાય જો;
કાળ લબ્ધિનો યોગ અનુકૂળ માનવો, માનવગણની શક્તિ શી મપાય જો? અભિ૦ ૨
સહકાર તમારો સાચો મિત્રો ! સાંભરે, જેનાં મૂલ્ય અંતરમાં અંકાય જો;
અનોખી પ્રતિભા પાડે પ્રકાશમાં, વિદ્વદ્‌મુખે સવિસ્તર પંકાય જો. અભિ૦ ૩
ગદ્ય પદ્યના લેખક બંધુઓ તમે, રસભીની કાંઈ પીરસી છે રસથાળ જો;
સાચી શોભા મારી તેમાં માનજો, જ્ઞાન ક્રિયારૂપ પૂર્ણ ભરીએ થાળ જો. અભિ૦ ૪
મંત્રી તંત્રી અને સભાસદ બંધુઓ, યાદ કરું છું સૌના બહુ ઉપકાર જો;
આત્મભોગથી પાલણ-પોષણ જે કર્યું, એ સૌ મારાં સેવાનાં શણગાર જો. અભિ૦ ૫
ભાષા સુંદર ભાવ ભરી એ લેખમાં, કાવ્ય પ્રદેશે કાવ્ય કળા વખણાય જો;
અલંકાર ને રસની થઈ છે ગુંથણી, એ જોતાં સૌ વાચક મન ઉભરાય જો. અભિ૦ ૬
સરવૈયું કાઢું જો સેવાભાવનું, "સાહિત્યચંદ્ર" પ્રથમ નામ અપાય જો;
લેખક-વૃંદની લાંબી સંખ્યા આવતી, એક એકથી અધિક ગુણ મપાય જો. અભિ૦ ૭
અમૃત ઝરણાં સંતોએ વરસાવીયાં, જ્ઞાનતણી છે તેમાં અદ્‌ભૂત શીખ જો;
ભક્તિભાવથી જો ઝીલે નરનારીઓ, સૌનાં તેથી થાય મનોરથ સિદ્ધ જો. અભિ૦ ૮
સેવા કરીને સ્વર્ગે જે સીધાવીયા, તે નામોનું સ્મરણ નહીં ભૂલાય જો;
તન મન ધનની સેવા અપાય છે, કીર્તિ જેની "પ્રકાશ"માં પથરાય જો. અભિ૦ ૯
બહાર પડ્યાં છે સુંદર પ્રકાશન ઘણાં, લાભો લેવા થાઓ તમે તૈયાર જો;
નીતિ ધર્મના સંસ્કારોને સીંચવા, જીવનશુદ્ધિનો એ ભર્યો ભંડાર જો. અભિ૦ ૧૦
વિસ્તારો વાણિજ્ય જૈન ધર્મનું, ઉન્નત સામગ્રીનો આપો સાથ જો;
ભંડારો ભર્યા છે જ્ઞાનતણા ઘણાં, અભ્યાસી થઇ અર્પો અનુભવજ્ઞાન જો. અભિ૦ ૧૧
ઇચ્છું છું અભિનંદન સાથે એટલું, પ્રકાશમાં રમ્ય સાહિત્ય વિસ્તાર જો;
વાંચો ને વંચાવો બંધુભાવથી, વ્યવહારની એ શુદ્ધિનો સાર જો. અભિ૦ ૧૨
જૈન ધર્મ વિશ્વમાં વિખ્યાત છે, પુત્રો તેનાં હતા સુભાગી શૂર જો;
દાન દયા ને નીતિ ધર્મને પોષીને, દીપાવ્યાં છે નામ જગે મશહૂર જો. અભિ૦ ૧૩
કાળ પ્રમાણે વર્તન રાખો સજ્જનો, યુગ ધર્મની પામો સર્વે શીખ જો;
જૈન ધર્મના સાચા અનુયાયી બનો, માગું આ અભિનંદન સાથે ભીખ જો. અભિ૦ ૧૪
નવલું વર્ષ નવ નવ નેહે ગાળજો, રચજો સહુમાં સંપ સત્ય શણગાર જો;
મતભેદો તોડીને ભેટો સજ્જનો, "પ્રકાશ"નાં એ અંતરના ઉદ્‌ગાર જો. અભિ૦ ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈનધર્મ પ્રકાશની મંગલ જ્યોતિ

'સાહિત્યચંદ્ર' શ્રી બાલચંદ હીરાચંદ–માલેગામ

(હરિગીત)

નવ નવલ મંગલ વિમલ જિનપતિ ધર્મને પ્રગટાવવા,
સૌરાષ્ટ્રની જે ધર્મભૂમિ ભાવનગરે ભાવવા;
નવ જ્યોત પ્રગટાવી ભુવનમાં "જૈનધર્મપ્રકાશ"ની,
ઝળહળે સુંદર દીપ્તિ શોભિત ભવ્ય છે જિન દિનમણિ. ૧

વધતે પ્રકાશે રુચિર તેજે જેહ પ્રતિમાસે વધે,
ઉજ્વલ ભવિકજન ચિત્ત રંજે ધર્મ પ્રગટાવે બધે;
બહુ કાવ્ય ને મંગલ પ્રબંધો વિવિધ રુચિ સૌરભ ધરે,
જ્યાં [1]સ્નેહરૂપે પંડિતો ને કવિજનો અર્પણ કરે. ૨

આચાર્યવર્યો મુનિજનો કંઇ રુચિર [2]વર્ણ સુકાવ્યમાં,
ગૂંથી કરી મૂકે સુશોભિત ભવિકજન કરકમલમાં;
સાહિત્યરસિકો જ્ઞાનપટુઓ વિમલ રચના ધર્મની,
જે વિવિધ દાખે રસિક સુંદર પ્રચુર રુચિકર મર્મની. ૩

સંવત્સરો વીત્યા અહો છે સાઠ ને વળી આઠ જે,
સેવા થઇ છે ભવ્ય સમુચિત સતત દીર્ઘ અખંડ તે;
શુભ દિવસ ને ઘડી રુચિર મંગલ જ્યોત જ્યાં પ્રગટી દિસે,
નવ વર્ષમાં કરતી પદાર્પણ ભવિક મનમાં જે વસે. ૪

વધતી રહો એ જ્યોત પ્રતિઘરમાં સુશોભિત જૈનના,
પ્રગટો સુમંગલ ધર્મની સૌગંધિકી શુભ ભાવના;
કવિઓ અને પંડિતજનો ! અર્પો પ્રસાદી નિજતણી,
લક્ષ્મીધરો ! સાર્થક કરો નિજ દ્રવ્યને સમુચિત ગણી. ૫

વૈભવ જગતમાં ધર્મનું શુભ ભાવના વધતી રહો,
જિનરાજની વાણી ભુવનમાં પ્રિય અને આરાધ્ય હો;
સુખ શાંતિ મંગલ જગતમાં જય જૈનધર્મપ્રકાશની,
વધતી રહો રુચિ વાંચવાની ભાવના બાલેન્દુની. ૬

૧. પ્રેમ અથવા તેલ. ૨. રંગ અથવા અક્ષરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्यारा ! "प्रकाश"

[तर्ज–जगत में श्रेष्ठ प्रभु का नाम]

श्री जैन धरम प्रकाश, प्रगटाता है हर्ष–उल्हाश।
करता मिथ्या–तम का नाश, प्यारा सब को लगे प्रकाश ॥ १ ॥

रखता अर्हन् नीति पास, जीस का धर्म विषय है खास।
करता आध्यात्मिक विकाश, प्यारा सब को लगे प्रकाश ॥ २ ॥

विश्व को लगी तत्त्व की प्यास, करता पूरण यह अभिलाष।
इसमें रहती मधुर मीठास, प्यारा सब को लगे प्रकाश ॥ ३ ॥

करता मिथ्या–तत्त्व का ह्रास, रखता सम्यक्–तत्त्व ही पास।
है यह चारित्र–पोषक खास, प्यारा सब को लगे प्रकाश ॥ ४ ॥

अडसठ वर्ष का यह इतिहास, अनंते आत्म का हुवा विकाश।
इस पर सब को है विश्वास, प्यारा सब को लगे प्रकाश ॥ ५ ॥

देखा विश्व–नियम यह खास, जीसने तम में किया प्रकाश।
हुवे है जग से वही उदास, प्यारा सब को लगे प्रकाश ॥ ६ ॥

ऋषि–महर्षि–तीर्थंकर खास, जीनसे जग में दिव्य प्रकाश।
किया है अधर्म–तम का नाश, प्यारा सब को लगे प्रकाश ॥ ७ ॥

है जीवन का ध्येय उजाश, कर के ज्ञानावरणीय नाश।
करना केवलज्ञान प्रकाश, प्यारा सब को लगे प्रकाश ॥ ८ ॥

था वृद्धिचन्द्रसूरि का हाथ, प्यारे ! रहे कुंवरजी साथ।
सेवाप्रेमी था जीवराज, प्यारा सब को लगे प्रकाश ॥ ९ ॥

इसके लेखक है विद्वान्, जीन को तत्त्वों की पहिचान।
जीससे हर हृदय में निवास, प्यारा सब को लगे प्रकाश ॥ १० ॥

है राज को प्यारा ! प्रकाश, मिटेगा इससे कर्म चिकाश।
करेगा धर्म का पूर्ण प्रकाश, प्यारा सब को लगे प्रकाश ॥ ११ ॥

राजमल भण्डारी–आगर [मालवा]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नूतन वर्ष।

શ્રી દીપચંદ જીવણલાલ શાહ, B. A. B. Sc.

નૂતન વર્ષે વિ. સં. ૨૦૦૯થી "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિક ઓગણુસીત્તેરમા વર્ષમાં શુભ પ્રવેશ કરે છે. આટલું દીર્ઘ આયુષ્ય એ સદ્‌ભાગ્યની નિશાની ગણી શકાય. અમોને સ્વર્ગસ્થ શ્રીયુત્ કુંવરજીભાઇની ન પૂરી શકાય તેવી ખોટ પડી હતી તેમાં ગતવર્ષે શ્રીયુત્ જીવરાજભાઇ ઓધવજી દોશીના અવસાનથી અમારી ખોટમાં વધારો થયેલ છે.

ગતવર્ષમાં માસિકમાં પદ્ય અને ગદ્ય લેખો જે જે વિદ્વાન્ લેખકોએ મોકલ્યા છે તે સર્વેનો અને ખાસ કરીને શ્રીયુત્ બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર', શ્રીયુત્ મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રીયુત્ મગનલાલ મોતીચંદ 'સાહિત્યપ્રેમી', ડૉકટર ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, શ્રીયુત્ હીરાલાલ રસિકદાસ કાપડિયા અને શ્રીયુત્ રાજમલ ભંડારીનો આભાર માનવામાં આવે છે.

અત્યારે માસિકને અંગે સભાને આશરે રૂા. ૨૦૦૦)ની ખોટ સહન કરવી પડે છે કારણ કે કાગળ અને છપામણીનો ખર્ચ ઘણો આવે છે. ગ્રાહકોને માસિક નિયમસર મોકલવામાં આવે છે પણ જ્યારે બે વર્ષના લવાજમ માટેના રૂા. નું વી. પી. કરવામાં આવે છે ત્યારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે–અમુક ગ્રાહકો અથવા તેમનાં સગાંઓ બ્હાનાઓ કાઢી વી. પી. ને પાછું મોકલાવે છે. આ એક જાતની "જ્ઞાનચોરી" છે. જે ગ્રાહકોને માસિક ન જોઇતું હોય તેઓ માસિક ન લેતાં સૂચના લખી મોકલે તો તે ગ્રાહકોને ત્યારપછી માસિક મોકલવાનું બંધ થશે. તે ગ્રાહકોએ તે વર્ષના માસિકનું લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું કે જેથી સભાને વી. પી. વગેરેનો ખર્ચ થાય નહિ. માસિકનું ખર્ચ પણ અમોને વધુ આવતું હોવાથી ભેટનું પુસ્તક પણ જેવું જોઇએ તેવું દળદાર આપી શકતા નથી.

ગતવર્ષના જેઠ માસમાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની સુવર્ણ જયંતિ નિમિત્તે ઓગણીસમું અધિવેશન મુંબઈ શહેરમાં ભરવામાં આવ્યું હતું. તે અધિવેશનમાં મધ્યમ વર્ગને મદદ કરવા માટે લગભગ રૂા. એક લાખ અને સાઠ હજારનું ફંડ ભેગું થયેલ હતું. અત્યારે મધ્યમ વર્ગ આર્થિક ભીંસમાં સપડાયેલ હોવાથી તે વર્ગ તેમના બાળ-બચ્ચાંઓને જરૂરિયાતની કેળવણી વગેરે આપી શકતો નથી તો જે ફંડ ભેગું થયેલ છે તેમાંથી દરેક વિદ્યાર્થીને ફી, ચોપડીઓ વગેરેનાં રૂા. તેની અરજી મળે કે તરત જ મોકલવા. બીજું મધ્યમ વર્ગને વૈદકીય સારવારની પણ ઘણી જ જરૂર છે. એવાં ઘણાંએક કુટુંબો છે કે જેઓ તેમના બૈરાં-છોકરાંઓને દાક્તરી સારવાર પણ કરાવી શકતા નથી. આવા માણસોને અરજી કર્યેથી તે સંબંધી યોગ્ય તપાસ કરીને વૈદકીય સારવાર માટે યોગ્ય રકમની મદદ તરત જ આ ફંડમાંથી મોકલવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગતવર્ષમાં સ્થાનકવાસી સાધુ સંમેલન અને કૉન્ફરન્સ સાદડીમાં મળેલ હતા તેમાં તેમનો એક ઠરાવ આપણું ખાસ ધ્યાન ખેંચે તેવો છે. આચાર્યોમાંના એકને જ આચાર્યની પદવી આપવી કે જેથી તેમની આજ્ઞામાં બધા આચાર્યોને વર્તવું પડે અથવા તેમનો હુકમ માન્ય રાખવો પડે. તિથિચર્ચાનો ઝગડો હજુ પતેલ નથી તે અંગે જુદી જુદી પત્રિકાઓ છપાવવામાં આવે છે. પત્રિકાઓની ભાષા એટલી બધી ખરાબ હોય છે કે દરેક જૈન ગૃહસ્થને વાંચતાં શરમાવું પડે છે. અત્યારે એક બીજા ઝગડાએ ભયંકર સ્વરૂપ લેવાનું શરૂ કરેલ છે. વ્યાખ્યાન વખતે લાઉડ સ્પીકરનો ઉપયોગ થાય કે નહિ? અત્યારે જૈન સમાજ ધાર્મિક વ્યાખ્યાનોમાં વિશેષ રસ લેતો હોય તેમ જણાય છે અને મુનિમહારાજાઓની વ્યાખ્યાનશૈલીમાં પણ ફેર થયેલ છે તે વખતે આવા મોટા સમૂહમાંના દરેકને વ્યાખ્યાન સાંભળવાનું મન થાય તે સ્વાભાવિક છે અને ઉપાશ્રય ગમે તેવા મોટા હોય તોપણ પર્વના દિવસોમાં દરેકને જગ્યા મળે તે અસંભવિત છે તેથી લાઉડ સ્પીકર વાપરવું કે નહિ તે સંબંધી શાંતચિત્તે શ્રીસંઘને વિચાર કરવાની જરૂર છે. શ્રીસંઘ પચ્ચીશમા તીર્થંકર કહેવાય છે તો તેના હુકમને તે નગરના આચાર્યે અથવા મુનિમહારાજે માન્ય રાખવો જ પડશે—જો આમ બનશે તો જ જૈનસંઘ પક્ષાપક્ષીમાં વહેંચાશે નહિ અને સંઘના આગેવાનો નકામા કષાયો વગેરે કરવાના ભાગીદાર બનશે નહિ તેમજ પર્વના આરાધનાના દિવસો શાંતિથી પસાર થશે.

મુનિ શ્રી જિનવિજયજી જેઓએ ગતવર્ષમાં આબૂ ફરતું પરિભ્રમણ કરેલ છે તેઓ જણાવે છે કે–અમુક દેવાલયોનો જીર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર છે. આ દેવાલયો પ્રાચીન છે પણ અત્યારે તેઓ ઉકરડાનું સ્થાન ભોગવે છે તો દેવદ્રવ્યનો તેમને સમારવામાં ઉપયોગ કરવાની ખાસ જરૂર છે.

અત્યારે કેળવણીની સંસ્થાઓ (વિદ્યાલયો, ગુરુકુળો, બાલાશ્રમો, બોર્ડીંગો વગેરે) સખત નાણાંભીડ ભોગવી રહેલ છે તેમને પગભર કરવાની ખાસ જરૂર છે. આ સમયમાં કોઈપણ કોમને કેળવણી વિના ચાલી શકે તેમ નથી માટે જૈન શ્રીમંત ગૃહસ્થોએ તેવી સંસ્થાઓને દર વર્ષે એક સારી એવી રકમ મોકલી આપવી એવો નિયમ રાખવો જોઈએ. જો કોમના બાળકો ભણશે તો તેમની અને તેમના કુટુંબોની આજીવિકાનો ભાર તેઓ ઉપાડી શકશે એ નિર્વિવાદ હકીકત છે.

અમોને જણાવતાં હર્ષ થાય છે કે–આ સભાના ઉપપ્રમુખ શેઠ શ્રી **ભોગીલાલ મગનલાલ શાહને** સૌરાષ્ટ્ર સ્ટેટ તરફથી કાઉન્સીલ ઑફ સ્ટેટમાં મેમ્બર તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. તેઓ દાનવીર ગૃહસ્થ તરીકે ભાવનગરમાં પ્રખ્યાત છે. ભાવનગરમાં કોઈપણ સંસ્થા એવી નથી કે જેમને શેઠશ્રીએ મદદ કરી ન હોય. તેઓ મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે બહુ જ લાગણી ધરાવે છે. તેઓની આગેવાની નીચે ગતવર્ષમાં અહીંની પાંજરાપોળની કમિટિ મુંબઈ ફંડ માટે ગઈ હતી અને એક સારું ફંડ એકઠું કરવામાં ફતેહમંદ થઈ હતી.

આ નૂતન વર્ષ સર્વે લાઈફમેમ્બરોને, વાર્ષિક મેમ્બરોને અને ગ્રાહક બંધુઓને સુખમય નીવડો એવી અમારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિતશિક્ષા–છત્રીશી

પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

પં. વીરવિજયજી મહારાજની કવિત્વ શક્તિનો પરિચય અનેક ક્ષેત્રમાં મળે છે. ચૈત્યવંદન, સ્તવન, સજ્ઝાય, સ્તુતિ, રાસ, પૂજા વગેરે સર્વમાં તેમનો રસપ્રવાહ અસ્ખલિત વહ્યો છે, પણ તે સર્વ ધર્મની ઉચ્ચકક્ષાની કૃતિઓ હોવાને લીધે સર્વભોગ્ય થઇ શકે તેવા નથી. જ્યારે પ્રસ્તુત 'હિતશિક્ષા–છત્રીશી' એ તેમની એવી કૃતિ છે કે તે સર્વભોગ્ય થવામાં કોઇ પણ પ્રકારે અયોગ્ય નથી. આ 'છત્રીશી' છે એટલે આ કૃતિમાં ૩૬ કડીઓ છે. તેમાં પ્રથમ ૧૮ કડીમાં પુરુષને શિખામણ છે, પછી આઠ કડીમાં સ્ત્રીઓને શિખામણ છે અને પછી દશ કડીમાં સ્ત્રીપુરુષ બન્નેને શિખામણ આપી છે.

સાચી શિખામણ દેનારા દુર્લભ છે. સાચી શિખામણ કોઇ કોઇ પ્રસંગે એવો લાભ આપનારી થાય છે કે જેનું મૂલ્ય આંકી ન શકાય. એનો અનુભવ ત્યારે જ થાય કે જ્યારે એવો પ્રસંગ મળે અને શિખામણ મળી ન હોય, એવા પ્રસંગે જેને હિતશિક્ષા નથી મળી એવા માણસો કેવા છબરડા વાળે છે એ સમજાવવું આ સમયમાં મુશ્કેલ નથી. વારંવાર વાંચી–વિચારીને હૃદયમાં ધારણ કરવા યોગ્ય આ હિતશિક્ષાઓ છે. એ માટે સર્વપ્રથમ કર્તા એ શિખામણ આપે છે કે–હે સજ્જન નર અને નારી! સારી હિત શિખામણ તમે સાંભળજો. કોઇ શિખામણ આપે ત્યારે તેના ઉપર રીસ ન કરતાં. શિખામણ દેનારા ઉપર રીસ કરનાર પોતાનું ભાગ્ય પરવારી બેસે છે. કવિ આ વાત નીચે પ્રમાણે કવિતામાં જણાવે છે.

(૧)

સાંભળજો સજ્જન નર નારી, હિત શિખામણ સારીજી;
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્ય દશા પરવારી—
સુણજો સજ્જન રે, લોકવિરુદ્ધ નિવાર. સુ. જગત વડો વ્યવહાર. સુ. ૧.

આ પ્રથમ કડીમાં ત્રણ શિખામણો છે.

(૧) શિખામણ દેનાર ઉપર રીસ કરનારનું ભાગ્ય ઘટે છે.

(૨) લોકવિરુદ્ધ આચરણ કરવું નહિં.

(૩) વિશ્વમાં વ્યવહાર એ પ્રધાન છે.

જ્યારે કોઇ **શિખામણ આપે ત્યારે તેના ઉપર રીસ કરવી** એ ઘણું જ અનુચિત છે. અહિં શિખામણ આપનાર વ્યક્તિ તરીકે હિતબુદ્ધિ ધરાવનાર અધિકારવાળી વ્યક્તિ લેવાની છે. જ્યારે એવી વ્યક્તિઓ ઉપર રીસ કરવામાં આવે ત્યારે તેમનો સદ્‌ભાવ ઘટી જાય છે. બે ચાર વખત એવા પ્રસંગો બન્યા પછી હિતસ્વીજનો શિખામણ આપવાનું છોડી દે છે એટલે રીસ કરનાર ભૂલોનો ભોગ બનીને ભાગ્ય પરવારી બેસે છે. કિરાત મહાકાવ્યમાં ભારવીએ પણ કહ્યું છે કેઃ—જે રાજા પણ હિતરીત હિતવચનને સાંભળતો નથી તે દુષ્ટ રાજા છે.

हितान्न यः संगृणुते स किं प्रभुः ?॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિખામણ દેનારા ઉપર રીસ કરનાર કેવા હોય છે ? તે હકીકત નીચેના એક દૃષ્ટાંતમાં સુન્દર રીતે ગુંથાઈ છે. એક શેઠ હતા. તેમને એકનો એક પુત્ર પૂરો તોફાની અને વક્ર હતો. શેઠ તેને કાંઈપણ હિત-શિખામણ આપે ત્યારે સામે તે દસ શિખામણો સંભળાવે. શેઠ તેને કહે-ભાઈ, મોટાની સામે જવાબ ન દેવાય.

ભાઈએ આ શિખામણ બરોબર મનમાં ઠસાવી લીધી ને વિચાર કર્યો કે-એક વખત આ બધાને બરાબર આ શિખામણ આચરી બતાવું.

એક વખત બધા બહાર ગયા હતા ત્યારે આ ભાઈ એકલા ઘરમાં હતા. બારી-બારણા બંધ કરીને ભાઈ ઘરમાં બેઠા. બધા બહારથી આવ્યા એટલે બારણાં ઉઘડવા માટે બૂમ બૂમો પાડી-પણ અંદરથી કાંઈ પણ ઉત્તર ન મળે. છેવટે શેઠ બારીએથી ઘરમાં ગયાં ત્યારે ભાઈ ઓરડામાં બેઠા બેઠા ખડખડ હસે. શેઠે કહ્યું કે-અમે કેટલી બૂમો પાડી છતાં તેં જવાબ કેમ ન આપ્યો ? ત્યારે તેણે કહ્યું કે-તમે જ નહોતું કહ્યું કે મોટાની સામે જવાબ ન દેવાય

આવી પ્રકૃતિવાળા આત્માઓનું હિત થતું નથી.

એવા આત્માઓ શિખામણ આપનારને શિખામણ દેવા તૈયાર થાય છે. અને ઊલટું કહે છે: તમે જ શિખામણ લ્યો તો સારું. આવું કહેનારાનો અત્યારે તૂટો નથી.

'હિત કહ્યું સુણે ન કંઈ તે બધિર સરખો જાણવો.'

એ કરતાં પણ આ શિખામણ આગળ વધે છે. પોતાનું હિત ઇચ્છનારે શિખામણ સાંભળતા અને આચરણમાં ઉતારતા શિખવું જરૂરી છે.

(૨)

"લોકવિરુદ્ધ આચરણ ન કરવું" એ શિખામણ જરા સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા જેવી છે. સંસારમાં રહેલા આત્માઓ જે જે આચરણ કરે છે તેના મુખ્યત્વે બે વિભાગ પડે છે: પહેલું લૌકિક આચરણ અને બીજું. લોકોત્તર આચરણ. લૌકિક આચરણ કરતાં હંમેશા લોકોત્તર આચરણ જુદા પ્રકારનું અને વિરોધી હોય છે, પણ તે વિરોધ સામાન્ય અને સનાતન છે, 'લોકવિરુદ્ધ નિવાર' એ શિખામણથી લોકોત્તર આચરણને છોડી દેવાતું નથી. જો એ પ્રમાણે લોકોત્તર આચરણને છોડી દેવાય તો શિખામણનો અનર્થ થાય.

'लोगविरुद्धच्चाओ' એ શ્રી 'જય વીયરાય' સૂત્રમાં આવતા પદનો પણ આશય આ છે.

લૌકિક આચરણના બે ભેદ છે. એક લોકમાં અવિરુદ્ધ અને બીજું લોકવિરુદ્ધ. એમાં જે લોક-વિરુદ્ધ આચરણ છે, તેનો ત્યાગ કરવો. લોકવિરુદ્ધ આચરણ કરવાથી લોકોની અપ્રીતિના ભોગ બનવું પડે છે ને તે રીતે સ્વાર્થ અને પરમાર્થ બન્નેને ધક્કો પહોંચે છે. લોકમાં રહેનારે આ લક્ષ્યમાં રાખવા જેવું છે. લોકમાં રહેવું છે, સારે માઠે પ્રસંગે તેનો લાભ લેવો છે ને તેનાથી વિરુદ્ધ વર્તવું છે, એ કેમ બને ? જતે દહાડે લોકો વિરુદ્ધ થાય ત્યારે ઘણું શોષવું પડે. લોકબળ એ મહાન્ બળ છે. છેવટે તે બળ પાસે ધનબળવાળાને કે બુદ્ધિબળવાળાને નમતું જોખવું પડે છે. લોકવિરુદ્ધ આચરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિં કરનાર પ્રત્યે લોકોની ભાવના હંમેશા સારી રહે છે. નીતિકારોએ તો આગળ વધીને એટલે સુધી કહ્યું છે કે—

"यद्यपि शुद्धं लोकविरुद्धं, नाचरणीयं नादरणीयम् ॥"

(૩)

જગત્‌માં વ્યવહાર એ વડો છે, મુખ્ય છે. વ્યવહારને અનુસરવામાં ન આવે તો જગતની વ્યવસ્થા તૂટી પડે. વિશ્વની ઉન્નતિ અને અવનતિનો આધાર સુન્દર વ્યવસ્થા અને અવ્યવસ્થા ઉપર છે. દોરાએલી સુન્દર વ્યવસ્થાને સ્થિર રાખવાની યોજના એ વ્યવહાર છે. અવ્યવસ્થિત ચિત્તવાળાઓને વ્યવહારનું અનુસરણ કરવું આકરું લાગે છે, પણ તેથી એકન્દર ગેરલાભ જ થાય છે. વ્યવહારના બંધનોને બંધન સમજીને તોડનારા શક્તિસમ્પન્ન આત્માઓ વિશ્વને સ્વચ્છન્દને માર્ગે દોરી જાય છે. પરિણામે દુઃખદ એ સ્વચ્છન્દનો સ્વાદ ચાખ્યા પછી પરિણામે સુખદ વ્યવહારના બંધનમાં રહેવું ભારે પડે છે. કેટલાએક શુભ વ્યવહારોમાં પણ માનવ–સહજ ભૂલોનું મિશ્રણ થવાને કારણે શુદ્ધિકરણ જરૂરી હોય છે, પણ તે શુદ્ધિકરણ કરવાને બદલે તે તે વ્યવહારોને જ મૂળમાંથી ઉખેડી નાખવાની ઝુંબેશ ખૂબ જ ખતરનાક નીવડે છે. જેના મૂળ ઘણાં જ ઊંડા છે એવા વ્યવહારોનો સદન્તર વિલેપ કરવા માટે કરવામાં આવતા પ્રયાસોનું ફળ જનતામાં મતિભેદ જન્માવીને સંઘર્ષ કરાવવા ઉપરાંત વિશેષ હોતું નથી. જનતાને કડક વ્યવહાર પાલનમાં પણ શિસ્તબદ્ધ કરવી અને તે તે વ્યવહારોમાં આવતી અશુદ્ધિઓનું પરિમાર્જન કરી તેને વિશુદ્ધ કરવી તેમાં આયાસ ઓછો છે અને લાભ મહાન્ છે. કવિએ પોતે પણ આ શિખામણને ગોત્ર કર્મની છઠ્ઠી પૂજાના દુહામાં અર્થાન્તરન્યાસરૂપે એટલે કોઇપણ પ્રસંગને પુષ્ટ કરતાં સામાન્ય વચન તરીકે ગુંથી છે. તે આ પ્રમાણે.

"નીચ કુલોદય જિનમતિ, દૂરથકી દરબાર;
તુજ મુખ દર્શન દેખતાં, લોક વડો વ્યવહાર." ૧. (ચાલુ)

"પ્રભુપ્રાર્થના"

(રાગ—ધનાશ્રી)

પ્રભુજી! તારોને કૃપાનિધાન! મુજને તારો કૃપાનિધાન. પ્રભુજી! તારો૦
આ ભવસાગરે ભૂલો પડ્યો પ્રભુ! આવ્યો છું શરણ તુમારે. પ્રભુજી! તારો૦
કામ, ક્રોધ, મોહ માયાની જાળે, ગુંથાણો છું ભગવાન. પ્રભુજી! તારો૦
લખ ચોરાશી યોનિમાં ભટકી, આવ્યો તુજ દરબાર. પ્રભુજી! તારો૦
પ્રભુ! એકજ તુજ આધાર, મુજને તારો કૃપાનિધાન,
નાવ મારી મજધાર રહી છે, ઊતારો પ્રભુ! પાર. પ્રભુજી! તારો૦

સંઘવી ભવાનભાઇ પ્રાગજી–માદુંગા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનવનો પરમ મિત્ર 'વિનય'

લેખકઃ—'સાહિત્યચંદ્ર' શ્રી બાલચંદ હીરાચંદ–માલેગામ.

આત્માનું અંતિમ ધ્યેય મુક્તિ છે. અનેક જાતના કર્મજનિત બંધનો આત્માએ પોતાની આસપાસ પોતાની જ અણુઆવડત અને અજ્ઞાનજન્ય મૂર્ખાઈથી વીંટી લીધેલા છે. એવા બંધનોનું જ્ઞાન માનવ જન્મમાં જ થવાનો સંભવ હોય છે. જો એવા બંધનોનું આપણને જ્ઞાન થઈ જાય તો પછી તે બંધનોથી છૂટવા માટે માનવે પ્રયત્નશીલ થવાની જરૂર હોય છે, પરંતુ આત્માનો જે પરમ શત્રુ અહંકાર, તે એમાં નડતરરૂપ થવા હમેશ સજ્જ હોય છે. અહંકારના આનુષંગિક અનેક દોષો ઉત્પન્ન થાય છે અને બંધનમાંથી મુક્ત થવાને બદલે આત્મા અનેક નવા નવા બંધનો નિર્માણ કરતો રહે છે. એ બંધનોનો સર્જનહાર અહંકાર જો દૂર કરવો હોય તો આપણે કેવી જાતનો પ્રયત્ન કરવો જોઈએ અને અહંકારને નષ્ટ કરનારો કયો ગુણ આપણામાં નિર્માણ કરી તેને કેળવવો જોઈએ એનો આપણે વિચાર કરવાની ખાસ આવશ્યકતા છે.

એવા સદ્‌ગુણનું નામ વિનય છે. વિનય એટલે નમ્રતા. વિનયનો અર્થ એવો કોઈ કરે કે, વિનય એટલે વેવલાપણું કે બીકણપણું તો એ એની મોટી ભૂલ છે. વિનય એ જ્ઞાનીનું ભૂષણ છે. **विद्या विनयेन शोभते।** જ્ઞાની જો ઉદ્ધત રીતે વર્તન કરી અન્યને તુચ્છ સમજી ફરતો હોય તો એ જ્ઞાની નહીં પણ જ્ઞાનની વખાર ગણાય. જેમ વખારમાં રહેલા માલનો વખારની ઇમારત સાથે કશો પણ સંબંધ ન હોય, તેમ એ શુષ્ક જ્ઞાનીનો જ્ઞાન સાથે સીધો સંબંધ પણ ન જ ગણી શકાય. મેઘ જ્યારે પાણીથી છલોછલ ભરાઈ લોકકલ્યાણ માટે વરસવાની તૈયારીમાં હોય છે ત્યારે તે ખૂબ નીચે નમી જઈ પોતાનો વિનય પ્રગટ કરે છે. અને ત્યારે જ લોકો તેનું ભક્તિપૂર્વક સ્વાગત કરે છે. જ્યારે વૃક્ષો, ફળોથી ખૂબ લચી પડે છે ત્યારે પોતાના તે ફળરૂપી વૈભવથી ઉદ્ધતાઈ નહીં સ્વીકારતા વિનમ્ર બની જાય છે. તેમજ જેનામાં જ્ઞાન, ધન કે બળનો આવિષ્કાર થાય છે ત્યારે તેણે નમ્રતા યાને વિનય કેળવવો જોઈએ. ઉદ્ધત જ્ઞાની, ગર્વીષ્ટ ધનવાન કે અહંકારી બળવાન કોઈને પણ ગમતો નથી. જ્ઞાનનું તેજ તો બીજાઓને માર્ગદર્શન કરાવવાથી પ્રગટ થાય છે. જ્યારે ગુંચવણ પેદા થાય ત્યારે જ્ઞાની પોતાની કુશલતાથી અન્યને ઉપયોગી થઈ પડે છે. જ્ઞાનની કસોટી તો પ્રસંગથી જ થઈ શકે. જ્ઞાનીઓની સભામાં જ એ દીપી નિકળે. ગમે તેવા પ્રસંગે એ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરે તો એ અહંકારી ગણાય. અને વિનયનો ભંગ થતાં એની કીંમત અંકાઈ જાય! અને એના જ્ઞાનની મર્યાદા બંધાઈ જાય. જ્ઞાનના મહાસાગરમાં નિમજ્જન કરવાની અને વધુ જ્ઞાની થવાની એની શક્તિ રૂંધાઈ જાય. તેમજ ધનવાન મનુષ્ય પોતાની લક્ષ્મીનું ગમે તેની આગળ પ્રદર્શન કરવા બેસે ત્યારે તે લોકોમાં અપ્રિય થઈ પડે છે. એનું ધન એ કૃપણનું જ ધન ગણાય. એની ઉદ્ધતાઈ કે અહંકાર–બુદ્ધિ ઉપર લોકો ફીટકાર જ વરસાવતા હોય. લોકોના દુઃખના પ્રસગે ધનવાનમાં વિનય ન જાગે, એનું મન પિગળે નહીં ત્યારે નક્કી સમજી લેવું કે–એ ધનવાન નહીં પણ ભીખારી જ છે. એવા ધનવાનનું ધન તો બીજા કોઈના માટે જ હોય છે. એક કવિએ કહ્યું છે કે–કૃપણ જેવો બીજો કોઈ દાતાર થએલો નથી તેમ થવાનો પણ નથી. ધનવાન દાતા તો થોડું થોડું ધન આપતો રહે છે ત્યારે કૃપણ તો પોતાનું આખું ધન એકસાથે જ કોઈ લૂંટારાને, ચોરને કે અકસ્માત ઊભા રહેલા વારસને સોંપી પોતે હાથ ઘસતો ચાલ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય છે! માટે જ વિનયગુણની મહત્તા સમજવી જોઇએ. વિનયથી જ લોકપ્રિયતાનો સદ્ગુણ પેદા થાય છે. વિનયશીલ મનુષ્યને બધા ચાહે છે અને આત્મકલ્યાણના ધર્મમાર્ગનો અધિકાર પણ એ જ મેળવી શકે છે. પોતાના જ્ઞાનનો, પોતાની આવડતનો, પોતાના ધનનો, માનનો કે બળનો ગર્વ થવો એ અજીર્ણ છે. અજીર્ણ થતાં વધુ સમજવાની શક્તિ નષ્ટ થઇ જાય છે. ઉલટાની વધારાનું કાઢી નાખવા માટે રેચકનો ઉપયોગ કરવો પડે છે. પોતાની શક્તિ પચાવવા માટે વિનય ગુણની અત્યંત જરૂર છે.

જ્ઞાન મેળવવા માટે ગુરુની આવશ્યકતા હોય છે. અને ગુરુ પ્રત્યે શિષ્ય નમ્રભાવે વિનયપૂર્વક પ્રશ્ન કરે છે ત્યારે જ ગુરુ પ્રસન્નતાપૂર્વક શિષ્યને જ્ઞાન આપે છે. પૂર્વકાળમાં ગુરુની અખંડ રીતે વિનયભાવે જે શિષ્ય સેવા કરે તે જ જ્ઞાનનો અધિકારી બનતો. શિષ્ય ભલે રાજપુત્ર હોય કે ક્ષત્રિય-પુત્ર હોય, વણિકપુત્ર હોય કે અન્ય કોઇ હોય એ ગુરુસેવા ભક્તિપૂર્વક કરે તો જ તેને જ્ઞાન મળે અને પોતાના ક્ષેત્રમાં તે અધિકારી બને, તેથી વિપરીત રીતે ચાલનારાઓ જ્ઞાનના અધિકારી થતા જ નહીં. શિષ્ય જ્યારે ઉદ્ધતાઇ દાખવે કે જ્ઞાનનું અજીર્ણ દાખવે ત્યારે તેનું આગળનું જ્ઞાન બંધ જ થઇ જતું હતું. ગુરુ શિષ્યમાં પિતાપુત્ર કે દેવભક્તનો સંબંધ રહેતો. ગુરુ પ્રત્યે જરા પણ અવિનય બતાવવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય તેની શિષ્ય અત્યંત કાળજી રાખતો. ગુરુની આજ્ઞા એ સાક્ષાત્ પરમેશ્વરની જ આજ્ઞા મનાતી. એવા વિનયભાવનું ફળ સાચા જ્ઞાનમાં જ પરિણમતું.

હાલમાં સરકાર નિયંત્રિત શિક્ષણક્ષેત્રમાં પહેલાનો સંબંધ ફરી ગએલો જણાય છે. પ્રોફેસરો કે શિક્ષકોનો દરજ્જો ઘણો ઉતરતો ચાલ્યો હોય એમ જણાય છે. અનેક ખાતાઓમાં વગવશીલો કે લાંચ-રૂશ્વત પેસી ગએલી જણાય છે. તેમ શિક્ષણખાતામાં પણ એવા અત્યંત ઘૃણિત અને લોકનિંદાને પાત્ર એવા દુર્ગુણો પેસી ગયેલા જોવામાં આવે છે, એ અત્યંત કમનસીબી છે. ગુરુ એ આપણો નોકર છે એવું શિષ્યોને લાગે છે. અને ગુરુનું અપમાન કરવું એ કોઇ દોષ હોય એમ એમને લાગતું જ નથી. માર્કો વધુ મેળવવા માટે આડા માર્ગોનો ઉપયોગ કરવો એમાં ગુરુ અને શિષ્યોને કાંઇ ખોટું કરીએ છીએ એમ લાગતું નથી. જ્ઞાન મેળવવું અને આપવું એ એક જાતનો વેપાર ગણાઇ ગયો છે.

અધ્યયન અને અધ્યાપનમાં વિનય અને વિવેકનું તેમજ નિર્લોભતાના ધાર્મિક ગુણોનું જે સ્થાન હતું તે લુપ્ત થઇ ગયું છે. કૃતજ્ઞતા બુદ્ધિ તો જરાએ જણાતી નથી. અર્થાત્ વિનયગુણથી પરસ્પરમાં જે સ્નિગ્ધતા હતી તેને લઇને વિદ્યા પરિણમતી અને છેવટે તે ઐહિક તેમજ પારલૌકિક કલ્યાણમાં પરિણમતી. હાલમાં તેનો અંશ પણ જણાવો મુશ્કેલ થઇ પડ્યો છે. શિક્ષણમાંથી વિનયનો અભાવ થતાની સાથે જ તેમાં બજારની ઇતર વસ્તુઓની પેઠે કિંમત અંકાઇ ગઈ છે. કમાણીનું એ એક સાધન માનવામાં આવ્યું છે. શિક્ષકો કેળવણી સુલભ થાય છે, એવા ભ્રમમાં નાખીને ઢગલાબંધ બુકો છાપી લોકો પાસેથી લૂંટ ચલાવી રહેલા છે. વગર મહેનતે પાસ થવાની લાલચ જેમ જેમ વધે છે તેમ તેમ તેનો લાભ લેનારાઓ વધી રહેલા છે, એ ખરેખર કમનસીબી છે. આ બધી આપત્તિઓનું મૂળ જોવામાં આવે તો તે વિનય જેવા ધાર્મિક ગુણનો અભાવ જ જણાય છે.

વિનયશીલ મનુષ્ય જગતમાં પ્રસિદ્ધિ મેળવે છે, ગુરુની કૃપાને પાત્ર બને છે અને પરિણામે જ્ઞાની થાય છે. દરેક ક્રિયામાં તેને રુચિ અને આદર પ્રાપ્ત થાય છે. તે બધામાં સદ્ગુણો જુવે છે અને તેનામાં બધાઓને સારા જ ગુણો જણાય છે. વિનયવાન્ માણસ ક્રોધ જેવા પ્રખર દોષથી દૂર થઇ શકે છે અને અનેક આપત્તિઓથી બચી શકે છે. સદ્ગુણોની ચાવીરૂપ જ વિનયગુણ ગણી શકાય, માટે ઉદ્ધતપણું છોડી વિનયગુણનો આદર કરી પોતાના કલ્યાણનો માર્ગ ખુલ્લો કરી લેવો એ દરેક મનુષ્યની ફરજ છે. એટલા માટે જ વિનયને આત્માનો પરમ મિત્ર ગણવામાં આવે છે. સાચા મિત્રની ગરજ એ સારે છે. આપણા બધા જ બંધુ ભગિનીઓમાં વિનયગુણનો સદ્ભાવ થાઓ એમ ઇચ્છી વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ રોષ, નહિ તોષ

લેખક–મુનિરાજશ્રી રુચકવિજયજી.

હસ્તિશીર્ષ નગરમાં દમદંત નામનો રાજા હતો. એક દિવસ હસ્તિનાપુરના સ્વામી પાંડવો અને કૌરવો સાથે દમદંત રાજાને રાજ્યની સીમા અંગે વિવાદ થયો. વિવાદ ઉપસ્થિત થયા બાદ દમદંત રાજા, જરાસંધ રાજાની સેવામાં ગયો ત્યારે પાંડવો અને કૌરવોએ દમદંત રાજાનો દેશ ભાંગ્યો. પોતાનો દેશ પાંડવો અને કૌરવો દ્વારા ભંગાયો છે એવી વાત, જ્યારે દમદંત રાજાએ સાંભળી ત્યારે તે ક્રોધાયમાન બન્યો અને ઘણા સૈન્ય સાથે તે હસ્તિનાપુર ઉપર ચઢી આવ્યો. દમદંત રાજાને અહિં પાંડવો અને કૌરવો સાથે મોટું યુદ્ધ થયું અને એ યુદ્ધમાં ભાગ્યવશાત્ પાંડવો અને કૌરવો હારી ગયા. દમદંત રાજા વિજય પ્રાપ્ત કરી પોતાના નગરમાં આવ્યો અને સુખપૂર્વક રહેવા લાગ્યો.

એક દિવસે સંધ્યા સમયે વિવિધવર્ણી વાદળાના સ્વરૂપને જોઈ દમદંત રાજા વૈરાગ્ય પામ્યો અને સંસારને વિવિધવર્ણી વાદળાની જેમ અસાર ચિંતવતા પ્રત્યેકબુદ્ધપણાવડે તેણે દીક્ષાને અંગીકાર કરી.

દીક્ષા અંગીકાર કર્યા પછી દમદંત રાજા **દમદંતરાજર્ષિ** તરીકે પ્રસિદ્ધિમાં આવ્યા.

અનેક ગામ અને શહેરને પોતાના પવિત્ર પાદવિહારથી પવિત્રિત કરતા દમદંતરાજર્ષિ, એક દિવસ હસ્તિનાપુર નગરની એક શેરીના નાકે, કાયોત્સર્ગ કરવાદ્વારા સ્થિર રહ્યાં. એટલામાં રયવાડીએ જતા પાંડવો તે રસ્તેથી નિકળતા દમદંતરાજર્ષિને જોઈ અને લોકો પાસેથી તે દમદંતરાજર્ષિ જ છે એવું જાણી એકદમ ઘોડાઓ ઉપરથી નીચે ઉતર્યા અને દમદંતરાજર્ષિને વિધિપૂર્વક તેમણે વંદન કર્યું. બાહ્ય અને અભ્યંતર શત્રુઓને જીતવામાં તમારું બળ ખરેખર વખાણવા લાયક છે એમ પ્રશંસા કરી પાંડવો રાજવાટિકાને રસ્તે આગળ વધ્યા.

પાંડવો પોતાને રસ્તે આગળ વધ્યા બાદ તેમની પાછળ નિકળેલા કૌરવોએ પણ દમદંતરાજર્ષિને જોયા અને તેઓ દમદંતરાજર્ષિ જ છે તેવો લોકો પાસેથી જાણી નિર્ણય કર્યો. કૌરવોએ દમદંતરાજર્ષિનો તિરસ્કાર કર્યો અને બીજોરાના ફળ વિગેરે તેમની સન્મુખ ફેંકી તેઓ આગળ વધ્યા. **यथा राजा तथा प्रजा** એ ઉક્તિ અનુસાર કૌરવોની સેનાએ પણ દમદંતરાજર્ષિની સન્મુખ પોતાના સ્વામીના આચરણનું અનુકરણ કર્યું અને દમદંતરાજર્ષિની આજુબાજુ લાકડા અને પથ્થરાઓનો એક ઢગલો તૈયાર થઈ ગયો. દમદંતરાજર્ષિ આ ઢગલાની વચમાં જ કેટલોક વખત ધ્યાનસ્થ દશામાં રહ્યાં.

જ્યારે પાંડવો રયવાડીથી પાછા ફર્યા ત્યારે મુનિની જગાએ એક ઢગલો દેખ્યો અને આજુબાજુના લોકો પાસેથી તેમણે જાણ્યું કે એ ઢગલો તો કૌરવો અને તેની સેના દ્વારા બન્યો છે. હકીકત આમ બનવાથી પાંડવો તુરત ત્યાં ગયા અને તેમાંથી લાકડા, પથ્થરા વિગેરે દૂર નંખાવી દીધા. વચમાં દમદંતરાજર્ષિને ધ્યાનસ્થદશામાં ઉભેલા પાંડવોએ જોયા અને પાંડવોએ તેમને નમસ્કાર કર્યો. મુનિને પડેલું કષ્ટ પાંડવોએ દૂર કર્યું અને નમસ્કાર–સ્તુતિ કરીને પાંડવો પોતાને સ્થળે ગયા.

પાંડવોથી સન્માનિત અને કૌરવો તથા તેની સેનાથી અપમાનિત થયેલા દમદંતરાજર્ષિએ બન્નેયના કૃત્યમાં સમભાવ ધારણ કર્યો પણ કોઇના ય પર રોષ કે તોષ કર્યો નહિ. જય હો સમભાવી મુનિ દમદંતરાજર્ષિનો ! ! !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાચો દીપોત્સવ:

લેખક-શ્રી વસંતલાલ કાન્તિલાલ ઇશ્વરલાલ-બી. એ.

રાત્રીનું અવસાન એટલે પ્રભાતનો જન્મ. રાત્રિમાં અંધકારને નિદ્રા છે. શોકને વેદના છે. ભયને ચિંતા છે. પ્રભાતમાં શાંતિ છે, સ્ફૂર્તિ છે, નિર્મળતા છે ને જાગ્રતિનું બળ છે. જીવનનું અંધારું આંગણું ઉષાના અજવાળાથી હસી ઉઠે ત્યારે સાચો દીપોત્સવ થાય છે.

ભ૦ બુદ્ધે કહ્યું **नाहमस्मीति** "હું નથી જ" દેહભાવ જાય છે એટલે સૌ કોઇ બોલી ઉઠે છે **नाहमस्मीति.** દેહભાવ એટલે રાત્રિ. આત્મભાવ એટલે પ્રભાત. દેહભાવ છૂટયો એટલે મહાવિદેહક્ષેત્ર પ્રાપ્ત થયું જ. આત્મભાવ મળ્યે સો કોઇ ઇશુ ખ્રિસ્તની જેમ બોલી ઉઠે છે "My father and I am one." હું ને મારો પિતા એક છીએ. આનું નામ આત્મભાવ-તત્ત્વસાક્ષાત્કાર. જીવનનું પ્રભાત ત્યારે ઉઘડે છે ને સાચો દીપોત્સવ ઉજવાય છે.

જીવનનું પ્રભાત ઊગે છે જયારે તત્ત્વજ્ઞાન જીવંત બને છે. ત્યારે જીવંત તત્ત્વજ્ઞાન કોને કહેવાય? ગમે તેવું મહાન્ તત્ત્વજ્ઞાન હોય પણ જ્યાં સુધી જીવનના રોજના પ્રસંગોમાંથી તે તત્ત્વજ્ઞાન જડી આવતું નથી ત્યાં સુધી તે તત્ત્વજ્ઞાનની કીંમત કેવલ શાસ્ત્રાર્થ ને વાદવિવાદ પૂરતી ભલે હોય પણ વિશેષ તો નથી જ. જીવંત તત્ત્વજ્ઞાન જીવનના રોજના પ્રસંગોમાંથી શોધવાનું છે અને નહી કે માત્ર તાડપત્રોની પોથીમાંથી કે સુવર્ણશાહીથી લખાયેલ પુસ્તકોમાંથી. જેમ ભગવાન બુદ્ધે રસ્તા પરના વૃદ્ધ ને રોગીમાંથી પોતાની આસપાસની જીવતી દુનિયામાંથી, મૃત્યુ ને જીવનનું તત્ત્વજ્ઞાન શોધ્યું કે ભર્તૃહરિએ સ્વચ્છંદી સ્ત્રીની ચાલચલગતમાંથી અસાર સંસારનું તત્ત્વજ્ઞાન મેળવ્યું તેમ ઉપનિષદ કે વેદપુરાણના સર્વાત્મભાવનું તત્ત્વજ્ઞાન ગમે તેટલું ચર્ચીએ પણ તેને જીવંત કરવું હોય તો રોજના પ્રસંગમાંથી જ તે તત્ત્વજ્ઞાનને શોધવું જોઇએ. રસ્તા પરના હડકાર્યા કૂતરાને જોઇને કે પીળા વીંછીને જોઇને પણ જ્યારે સ્વજનમિલાપનો આનંદ થાય ત્યારે સમજવું કે એ સર્વવ્યાપી બ્રહ્મની ફિલસૂફી ઉપનિષદમાંથી જીવતી થઇ જીવનમાં આવી છે. આ રીતનું જીવંત તત્ત્વજ્ઞાન અંતરમાં દીપોત્સવ કરે છે. સાચો દીપોત્સવ તે જ છે.

દેશાંતર કરવું તે તો આજે એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવા જેવું થઇ ગયું છે. વોશિંગ્ટનમાં ખાઇ-પીને આરામખુરશી પર બેઠેલ એક અમેરિકન આજે પેકિંગમાં રહેતા ચીના સાથે વિજ્ઞાનબળે નિરાંતે વાતચીત કરી શકે છે અને પાંચ હજાર માઇલનું અંતર ખસી જઇ બને જાણે કે સામા માનવીના ખભા પર હાથ મૂકી વાતચીત કરી રહ્યા છે. આ તો છે પ્રયોગશાલાના સ્થૂલ જ્ઞાનનો પ્રકાશ. જીવંત તત્ત્વજ્ઞાનનું તેજ આનાથી સહસ્રકોટિગણું છે. મૃત્યુતિમિરનેય ઉચ્છેદનાર આ જીવંત તત્ત્વજ્ઞાનની રત્નદીપિકા પ્રકટાવી આપણે સાચો દીપોત્સવ ઉજવવો જોઇએ.

આ જીવંત તત્વજ્ઞાન પ્રકટે છે ત્યારે નવું મૂલ્યાંકન કરતાં માનવી શીખે છે. વ્યવહારિક જીવનમાં આજે આપણી દૃષ્ટિ અર્થપ્રધાન છે. દરેક વસ્તુનું મૂલ્ય આપણે સોના ચાંદીના અંકગણિતથી કાઢીએ છીએ. આજે અર્થપ્રધાન દૃષ્ટિ ગૌણ કરી નૈતિક મૂલ્યો વધારવાની જરૂર છે. આથી જ અર્થપ્રધાન દૃષ્ટિ તેને પૂરો સંતોષ નથી આપી શકતી, તે નવું મૂલ્યાંકન શીખે છે. એવાં નૈતિક મૂલ્યો આવડયાં પછી તે સૌંદર્યવતી સ્ત્રીને પણ ભ૦ બુદ્ધ જેમ પરમાણુનો જથ્થો જ માને છે; ગુરુ ગોવિંદસિંહ જેમ ભેટ આવેલા રત્નના કડાંને પણ બાજુનાં ધરામાં ફેંકી દે છે. પ્રત્યેક જીવનના વિષયને-મૃત્યુ વિષે પણ તે નવું મૂલ્યાંકન કરે છે. બનોડ શૉ જેમ જીવનને ઘટતી જતી મીણબત્તીને સદા વધુ તેજસ્વી મશાલરૂપે જુવે છે. આ છે નૈતિક દૃષ્ટિના નવા મૂલ્યાંકનો. જીવન સુખી કરવાનો આ એક જ ઉપાય છે કે આપણે અર્થપ્રધાન દૃષ્ટિ ગૌણ કરી નૈતિક મૂલ્યો શીખીએ. એવું નવું મૂલ્યાંકન કરતાં આવડે તેજ જીવંત તત્ત્વજ્ઞાન છે. એવું જીવંત તત્વજ્ઞાન પ્રકટે એટલે જીવનનું મંગલ પ્રભાત ઊગ્યું કહેવાય અને એ જ સાચો દીપોત્સવ કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૃહલક્ષ્મી–ધર્મિષ્ઠા

(૩)

લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

‘પ્રમાણિકતા’ એ જ મુદ્રાલેખ.

‘ભાલક ભાઇ, ઘરમાં છો કે? કેમ આજે દુકાન બંધ છે?’ ઘરમાંથી શેઠની પુત્રવધુ ધર્મિષ્ઠા, જ્યાં ઝરુખામાં આવી પ્રશ્ન કરે છે કે-તમો કોણ છો? તમારે શું કામ છે? ત્યાં બજાર માર્ગેથી પોતાના શ્વસુર–હેલાક શેઠને ઘર તરફ આવતાં જોઇ, માથાનું વસ્ત્ર જરા નીચું આણી ધર્મિષ્ઠા ઝરુખામાંથી પાછી ફરી

આગંતુક બોલી ઉઠ્યો–મારું નામ હરિબળ, હું આપણા આ નગરના માછી પરામાં રહું છું. મારે ભાલકભાઇનું કામ છે. હરિબળના પાછળના વાક્યો ઘર નજિક આવી પહોંચેલા હેલાક શેઠે બરાબર સાંભળ્યા. કમાડ ઉઘાડી, દુકાનમાં એક બાજુની ખીંટી ઉપર અંગરખુ ને પાઘડી ભરાવી, ગાદી પર બેઠક લેતાં તે બોલ્યા: હરિબળ, તારે ભાલકનું શું કામ પડ્યું? મેં તને કોઈ દિ’ અમારી દુકાનેથી કોઇ ચીજ ખરીદતાં જોયો નથી! તું માછીવાડમાં રહે છે અને છાપરા સમારવા, મજૂરી કરવી, અથવા તો લાકડા વેરવા આદિના કામો કરી ગુજરાન ચલાવે છે એ વાતની મને ખબર છે.

શેઠ સા’બ, તમો જાણો છો એ ખરું છે. આપની દુકાનમાંથી માલ લઇ જવા જેટલા પૈસા અમ સરખા ગરિબના હાથમાં આવે જ નહીં! કેટલીક વાર તો મજૂરી મળ્યા વિનાના દિવસો જાય છે! ઘરમાં હાંલ્લામાં ઓરવા મૂઠી દાણા પણ નથી હોતા! પણ ભાલકભાઇની મારા પર ભારે મહેરબાની છે. કેટલીયે વાર તેમણે મને પૈસા, અનાજ, વગેરે આપી મદદ કરી છે. આવો દયાળુ દિકરો આપના ઘરમાં છે એ ભગવાનની મહેર સમજો. જેનો દીકરો આવો પરોપકારી હોય–કરુણાવંત હોય એનો બાપ ભલો હોય જ. ‘બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા’ એ કહેવત ખોટી ન જ હોય. આમ છતાં કેટલાક આપને વંચક શેઠ તરીકે ઓળખાવે છે! એમાં મને તો શેઠ તેમની ઇર્ષા જણાય છે. દુનિયા દોરંગી તેથી જ કહેવાય છે. કેટલાક એવા પણ હોય છે જેઓ બીજાની સમૃદ્ધિ દેખી જ વાંસનાં ઝાડ માફક સુકાય છે.

જો હરિબળ, આજે અમારા ગુરુમહારાજ અહીં ચોમાસું રહેલા તે વર્ષાકાળ પૂરો થતાં અહીંથી વિહાર કરી નજીકના ગામે જવાના છે. અમો તેમને વળાવવા ગયા હતા. ત્યાંથી હું હમણાં જ આવી રહ્યો છું. કદાચ ભાલક તેઓશ્રીની જોડે એ ગામે પણ જાય અને એને પાછા ફરતાં સંધ્યાકાળ પણ થઇ જાય. તારે જે કામ હોય તે કહે.

શેઠ સા’બ! કામ તો બીજું કંઇ નથી. મારા ઘરમાં કચરો કાઢતાં આ સોનાની વીંટી હાથમાં આવેલી. મને અજાયબી થયેલી કે મારા જેવા રંકના ખોરડામાં સોનાની વીંટી ક્યાંથી? મનમાં શંકા થયેલી કે ગીલીટ ચઢાવેલી કે પીત્તળની હશે. ખાતરી કરવા બજારમાં ચોકસીની દુકાને ગયો. કસોટી પર કસી જોઇ ચોકસીએ કહ્યું કે, એ છે તો સોનાની. પણ એના પર ‘હેલાશાહ’ નું નામ છે માટે તું તેમને ત્યાંથી ચોરીને લાવ્યો લાગે છે!

મેં જે હતી તે વાત કહી અને ઉમેર્યું કે—

મારે એ વીંટી વેચવી નથી. એ શેઠના દીકરા ભાલકભાઇની જ હોવી જોઇએ. પાંચ દિવસ ઉપર મારે ઘેર આવેલા એ વેળા આંગળીએથી નીકળી ગઇ હશે. એ તો મારા ઉપકારી શેઠ છે. ભૂખ્યો મરું તે કબૂલ પણ તેમની વીંટી મારાથી વેચાય જ નહીં. લાવો પાછી, હમણાં જ તેમને ઘેર જઇ આપી આવું. બજારમાંથી સીધો એ આપવા આવ્યો છું. ભાઇ, આવે ત્યારે તેમને આ વીંટી આપજો.

હેલાક શેઠ આ રાંક માછીની વાત સાંભળી આશ્ચર્ય પામ્યા–વિચારમગ્ન બન્યા. ઘરમાં તાવડી તડાકા લેતી હોય! પેટપૂર ખાવાનું મળતું ન હોય!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતાં આવો સુંદર વિચાર! બીજી તરફ બાપની છાપ 'વંચક' તરીકેની, તેનો દીકરો ગરીબોનો બેલી! એ સંસ્કાર બાપના કે પત્નીના! 'ધર્મીષ્ઠા' ખરેખર ઘરની સાચી લક્ષ્મી તો તું જ છે.

હરિબળ, ભાલકને હું વીંટી આપીશ. લે ભાઇ આ બે રૂપીયા હું રાજી ખુશીથી આપું છું તે લેવાની તું ના પાડીશ નહીં. એ તો મારું સંભારણું છે.

જ્યારથી શેઠે દુકાનમાં 'પ્રામાણિકતા'થી વેપાર શરૂ કર્યો છે ત્યારથી જૂની છાપ ભુસાવા માંડી છે. શરૂઆતમાં કમાણી ઓછી પણ થઇ, આમ છતાં નિયમ પર દ્રઢતા રાખી ક્રય-વિક્રય ચાલુ રાખ્યો. જેમ જેમ દિવસ પસાર થતાં ગયા તેમ તેમ તેમની ન્યાય-પ્રિયતાની વાત કપુર માફક ચોતરફ વિસ્તરવા માંડી, ઘરાકી વધવા લાગી, અને હરિબળના ગયા પછી જ્યારે સંધ્યાકાળે ગલ્લો ગણવા માંડયો ત્યારે રોજના કરતાં આજનો વેપાર દશગણો માલુમ પડયો. સાંજના વાળુ પછી જ્યારે દુકાન વધાવી સૌ ધર્મકથામાં બેઠા ત્યારે શેઠે પ્રથમ પ્રશ્ન કર્યો વીંટી સંબંધી. ભાલકે, સોનાની વીંટીમાંનું સુવર્ણ કેવી રીતે સચ્ચાઇને માર્ગે મેળવ્યું તે વર્ણવી, ભાર મૂકી જણાવ્યું કે-'પૂર્વે આ વીંટી ત્રણ જગાએથી પાછી મારા હાથમાં આવી છે. હરિબળવાળો અખતરો ચોથા પ્રસંગરૂપ છે. **'વ્યવહારથી જે દ્રવ્ય શુદ્ધ હોય છે તે ઘરમાં ટકી તો રહે છે પણ એ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે.'** એવું નીતિકારોનું વચન છે.

હેલાક શેઠ બોલ્યા: ભાલક, તારી વાત સો ટચના સુવર્ણ જેવી છે. સવારના પાછી આવેલી વીંટી મેં ગલ્લામાં રાખી દીધી હતી. આજે દુકાન પર ઘરાકી એવી તો ઉભરાઇ ગઇ કે પૂર્વે મારા આટલા વર્ષોના વ્યવસાયમાં મેં જોઇ નહોતી! ઘડીભર મનમાં થઇ થઇ ગયું કે 'આ લોકને મારી દુકાન પર જ આટલી બધી મોહિની કેમ લાગી છે? એકલે હાથે એટલે લેતાં-દેતાં વિલંબ થાય છતાં એક પણ વ્યકિત અક-ળાઇ નથી કે દુકાન છોડી અન્યત્ર ગઇ નથી.

ધર્મિષ્ટા વિનયપૂર્વક બોલી-પૂજ્ય વડિલશ્રી, 'શાસ્ત્રમાં તો સુવર્ણાક્ષરે નોંધાયેલ છે કે-**'सत्यमेव जयते.'** અને લોકમાં પણ કહેવાય છે કે-**'સાચ** ને આંચ નહીં.' અલબત એ સાંભળીને એક કાનેથી બીજે કાને કાઢી નાંખીએ અને કરતા હોઇએ તેમ કરીએ તો-'સાંભળી સાંભળીને ફૂટયા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન' જેવું જ થાય. પણ એ વચન પર અડગ શ્રદ્ધા ધરીએ તો એ વચનો ટંક-શાળી જ નિવડે. એક કવિએ ગાયું છે કે—

'શ્રદ્ધા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યના કામ;
છાર પર તે લીંપણો, ઝાંખર ચિત્રામ.'

એ અક્ષરશઃ સત્ય છે. દરેક નાનું કે મોટું કામ કરતાં પૂર્વે એ અંગે પૂરી સમજ મેળવવી, અને એને વર્તનમાં ઉતારવા શ્રદ્ધાથી વીર્ય ફોરવવું. જિનેશ્વર ભગવંતના વચનનો એ મર્મ છે અને એને યથાર્થ-પણે અવધારી પ્રગતિના માર્ગે કૂચ કરનાર આત્મા ખુદ મહાત્મા અને અંતે પરમાત્મા બને છે.

પુત્રી ધર્મિષ્ટા! તારા વચનની મીઠાશ અને એ પાછળ સચોટ અભ્યાસ અને પાકા અનુભવની છાપ જોતાં મને શ્રીપાલમહારાજના ચરિત્રમાં અગ્રભાગ ભજવનાર **મયણાસુંદરી** યાદ આવે છે. એ સુશીલા નારીના આત્મબળે અને જ્ઞાનગૌરવે જ શ્રીપાલરાજ-ના જીવનનું અનુપમ ઘડતર ઘડયું; અને તારા આચરણે જ આ ઘરના-એમાં વસનારા એવા અમારા જીવન વહેણ બદલી નાંખ્યા. મનમાં એક શંકા વર્તે છે અને તે એ કે ભાલકનું જીવન મારા જેવું દૂષિત નથી એટલે ન્યાય માર્ગે તૈયાર કરેલ સુવર્ણ-મુદ્રિકા પાછી આવે એમાં ખાસ નવાઇ ન ગણાય, બાકી મેં તો મસ્તક પર ધોળા પળીઆ આવ્યા ત્યાં સુધી 'લેને મેં લક્કડ અને દેને મેં પત્થર' જેવું જીવન ગાળ્યું છે.

પૂજ્ય પિતાશ્રી, આપશ્રીની શંકા અસ્થાને છે. આત્માના મૂળ ગુણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. એ પર જરૂર કર્મોના આવરણો છવાયા હોય છે એટલે જ હેય, ઉપાદેયનો અર્થાત્ છોડવા લાયક કાર્યોનો વિવેક કરતાં આત્મા મુંઝાય છે. પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે યથાર્થ જ્ઞાનનો યોગ સાંપડે છે, જાણ્યા પછી એ પર પાકી શ્રદ્ધાનો રંગ બેસે છે અને સરવાળે એ પ્રમાણે આચરણમાં ઉતરવા માંડે છે ત્યારે એની ગતિ વિદ્યુતની મર્યાદાને પણ વટાવી જાય છે. પરિણામની ધારા જેમ વૃદ્ધિ પામતી જાય તેમ કર્મોનો પુંજ—ગમે તેવો વિપુલ—અને ગમે તેટલા કાળનો હોય છતાં કાથાની દોરડીના સમૂહને બળતા ઝાઝીવાર નથી લાગતી તેમ એને ભસ્મીભૂત થતાં વિલંબ નથી થતો. યાદ કરોને અર્જુનમાળી કે દ્રઢપ્રહારીના ઉદાહરણો. પાપ કરવામાં એ આત્માઓએ પાછીપાની કરી હતી? પણ ચિંતામણી રત્ન કરતાં વિશેષ એવા જ્ઞાની વચનોનો યોગ સાંપડ્યો. તો બેડો પાર થયો ને! છ માસની કમાણીનું આ સુવર્ણ હલિ સાસુજીએ મને સોંપ્યું છે. એની સાથે થોડા વસ્ત્ર લપેટી, વજન કરવાની પાંચશેરી પર ચામડું મઢી બનાવો પર આપની મુદ્રા યાને નામ લખી. મૂકી દો એને ચોરે ચૌટે રઝળતી, એ અથડાતી આપણા ઘેર પાછી આવ્યા વિના રહેવાની નથી જ.

દીકરી, એ વાત મને ગમી. એમ થતાં મારો સંશય દૂર થશે.

× × ×

અરે! આજે હેલાક શેઠને ત્યાં આટલી બધી ધમાલ શાની છે? દુકાનમાં લોકો સમાતા પણ નથી! જાણે વૈદ્યરાજની પાસે દરદીઓ પોતાની દર્દકથા સંભળાવતા ન હોય, તેમ તેમના હાથના સ્પર્શેલ દ્રવ્યની, અથવા તો વ્યાજ આપવાની કબુલાત કરી, તેમના ઘરના ધનની માંગણી કરી રહ્યા છે.

તપાસ કરતાં જણાય છે કે—એ બનાવ બે ત્રણ દિવસમાં દરિયાઇ સફરે ઉપડનારા વહાણોના મુસાફરો છે. તેઓને સોનાની પાંચશેરીવાળો બનાવ બન્યા પછી પાકી ખાતરી થઇ છે કે હેલાક શેઠનું ધન ન્યાયસંપન્ન હોવાથી પવિત્ર છે. મુસાફરીમાં સાગરની સફરમાં એ સાથે હોય તો માર્ગે કંઇ વિઘ્ન નડતું નથી. ખુદ ખલાસીઓ વહાણો ઉપડતાં પહેલાં સમુદ્ર દેવને એનો અંશ અર્પણ કરે છે. અને 'હેલક' 'હેલઉ' બોલી હલેસા મારે છે. 'હેલાશાહ' નું નામ એટલી હદે પવિત્ર ને સ્મરણરૂપ બની ગયું છે.

સુવર્ણ પાંચશેરીની વાત ધર્મચર્ચા ટાણે ધર્મિષ્ઠાના મુખે સાંભળી હતી પણ એનો અમલ કેવી રીતે થયો એ જાણી લઇએ તો વાતના અંકોડા બરાબર બેસી જાય અને ઉપર વર્ણવી ધમાલ પાછળનું રહસ્ય બરાબર સમજાય. શેઠે શંકા ટાળવા સુવર્ણને નક્કી થયા મુજબ ચામડામાં મઢીને કોઇને ખબર ન પડે તેમ જતાં આવતાં માણસોની આંખે ચઢે એ રીતે જાહેર માર્ગ પર ત્રણથી ચાર વાર મુકાવ્યું. પણ જેનું તકદીર જોર કરતું હોય તેને ભૂત પણ સહાયક બને એમ દરેક વેળાએ તે પરનું નામ વાંચી હાથમાં લેનાર ઘેર આવી પહોંચતું કરી ગયા. એ પછી શેઠે એ પાંચશેરીને પોતાના હાથે દરિયામાં ફેંકી દીધી. એ પાછી આવશે તો નક્કી હું માનીશ કે હું પણ લઘુકર્મી થયો છું. અને ખપ જોગી રકમ રાખી બાકીની કમાણી સાતક્ષેત્રે વાપરવાનો નિયમ પણ લઇશ. જળાશયમાં એ પાંચશેરી, મ્હોં ફાડીને સુતેલા મચ્છના પેટમાં પહોંચી ગઇ. એ મચ્છ કોઇ માછીની જાળમાં સપડાયો. એના પરની મુદ્રાથી અજાયબી પામેલો પેલો માછીમાર, એ શું છે તે જાણવા સારુ પોતાના પડોશમાં રહેતા અને 'ભગત' તરીકે ઓળખાતા હરિબળ માછીને ત્યાં પહોંચ્યો. 'હેલા શેઠની આ પાંચશેરી છે' એમ જણાવી હરિબળ પોતાના પડોશીને તેડી શેઠની દુકાને આવ્યો. આટલી જલ્દી પાંચશેરીને પોતાની ચક્ષુ સામે પાછી આવેલી જોઇ શેઠ તો આનંદથી નાચી ઉઠયા. માછી ભાઇઓને બક્ષિસ આપી અને સારાયે ફળીયામાં ગોળધાણા વહેંચ્યા. પુત્રવધૂ ધર્મિષ્ઠાની આગાહી સાચી પડી. ઘરના તેમજ આસપાસના સૌ તેને અભિનંદન આપવા લાગ્યા. 'ખારે પાણીએ નાંખેલી સુવર્ણ પાંચશેરી શેઠના પુણ્યથી પાછી આવી' એ વાત જાહેર બની. એ દિનથી 'હેલાક શેઠ' હેલા શાહ' ના હુલામણા નામથી મશહૂર થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મ ભાવનાનો ઉદય અને નિવૃતિ

સં૦ ડાકટર વલ્લભદાસ નેણસીભાઈ-મોરબી

પૂર્વ જન્મોમાં કરેલાં અનેક પુણ્યોના પરિપાકથી, અનેક મનુષ્યોમાંથી કોઈ એક ભવ્ય પુરુષને વર્તમાન જન્મમાં આત્મસ્વરૂપને જાણવાની ઇચ્છા થાય છે. પૂર્વ જન્મમાં હું કોણ હતો? કયાં હતો? કેવી રીતે સ્થિત હતો? ને મારું વાસ્તવિક સ્વરૂપ શું શરીર, ચિત્ત વા જીવ હશે? આ શરીર પંચભૂતોનું કાર્ય હશે? વા ભૂતોનો સમૂહ હશે? વા ભૂતોથી ભિન્ન હશે? ભવિષ્યમાં મને કયા જન્મની પ્રાપ્તિ થશે? કયે સ્થળે મારો જન્મ થશે? અને ત્યાં મારી કેવી રીતે સ્થિતિ થશે? એવી રીતના જે પોતાના સંબંધના વિચાર છે. તે આત્મભાવની ભાવના કહેવાય છે.–આ આત્મભાવની ભાવના જ્યાં સુધી વિવેક જ્ઞાનનો ઉદય થતો નથી ત્યાં સુધી જ વિદ્યમાન રહે છે. સદ્ગુરુ આચાર્યના ઉપદેશદ્વારા જ્યારે સમાધિના અનુષ્ઠાનથી આ અધિકારીને અનેક પ્રકારની જે આ સર્વ ભાવનાઓ છે તે સર્વ ચિત્તનો જ વિચિત્ર પરિણામ છે, અને હું તો અવિદ્યાના સંબંધથી રહિત અને ચિત્તના ધર્મોથી વિમુક્ત હોવાથી શુદ્ધ નિર્વિકાર છું, એવું વિવેકજ્ઞાન ઉદય થાય ત્યારે યોગાનુષ્ઠાન આચરનાર તે યોગીની તે આત્મભાવ ભાવના નિવૃત થઈ જાય છે.

પોતાના વિષયની સિદ્ધિ થવાથી ઇચ્છાની નિવૃતિ થવી સ્વાભાવિક છે. વિવેકીની આત્મભાવ ભાવનાની નિવૃત્તિ કહી છે, તેથી અર્થથી એમ પણ બોધન થાય છે કે તેના ચિત્તમાં પહેલાં આત્મભાવ ભાવનાનો ઉદય હતો, કેમકે તે ભાવનાના ઉદય વિના અસત્‌ની નિવૃત્તિ થવાનો અસંભવ છે. જે પુરુષના ચિત્તમાં આ ભાવના થાય છે તેજ આત્મજ્ઞાનના ઉપદેશનો અધિકારી છે. અને તે જ યોગાભ્યાસદ્વારા વિવેકજ્ઞાનને સંપાદન કરી શકે છે તથા વિવેકજ્ઞાનથી તેની જ આ આત્મભાવ-ભાવના નિવૃત્ત થાય છે. અને જેમને આ આત્મભાવ ભાવના નથી તેમને તો આત્મોપદેશનો અધિકાર નથી તેમ જ તેમને વિવેકજ્ઞાન પણ થતું નથી અને તેમના આત્મભાવનાની નિવૃત્તિ પણ થતી નથી.

જેમ વર્ષા ઋતુમાં તૃણોનાં અંકુરોનો પ્રાદુર્ભાવ જોઈને તે તૃણોનાં બીજોની સત્તાનું અનુમાન કરવામાં આવે છે, તેમ જે પુરુષને વૈરાગ્યબોધક વચનોથી મોક્ષમાર્ગના શ્રવણથી રોમાંચ તથા હર્ષ-પુરસ્સર હૃદય દ્રવિત થાય, તે પુરુષને વિવેકજ્ઞાનના બીજભૂત તથા અપવર્ગના સાધનરૂપ જે યમ-નિયમાદિક કર્મ છે, તે પૂર્વ જન્મમાં અનુષ્ઠિત છે, એ તેના ચિત્તમાં આત્મભાવ ભાવનાનો ઉદય પણ છે એમ અનુમાનથી જાણવું, અને તે પુરુષોની પૂર્વજન્મમાં શુભ કર્મોનું અનુષ્ઠાન નહીં કરેલું હોવાથી શરીર વા ચિત્તથી ભિન્ન આત્મા કેમ સંભવી શકે? પરલોક કેમ સંભવી શકે? આત્માનું ધ્યાન શી રીતે સંભવે? ઇત્યાદિ પૂર્વપક્ષરૂપ તર્કોમાં જ રુચિ હોય અને તત્ત્વનિર્ણયરૂપ સિદ્ધાંતમાં જેમની અરુચિ હોય તે પુરુષોનાં ચિત્તમાં આત્મભાવનાનો ઉદય નથી એમ અનુમાનથી જાણવું.

એક મહાન્ તત્વજ્ઞ કવિ પ્રકાશે છે કે–

> હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
> કોના સંબંધે? વળગણા છે? રાખું કે એ પરિહરું?

હું કોણ છું? બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, વૈશ્ય છું, શૂદ્ર છું. અથવા તો સ્ત્રી છું? પુરુષ છું? વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જર્મન અને ઇટાલિયન અનુવાદોથી અલંકૃત
જૈન કૃતિઓ

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

આપણા આ ભારતવર્ષમાં જન્મેલી અને ઉછરેલી વ્યક્તિને આ ઉપખંડની સંસ્કૃતિના અને એના સંસ્કૃતાદિ ભાષામાં ગૂંથાયેલા સાહિત્યના પરિશીલન માટે જેવો સહજ સુયોગ સાંપડે અને એ વ્યક્તિ જો પ્રતિભાશાળી હોય અને પોતાના વિશિષ્ટ અભ્યાસનો લાભ જનતાને આપવા ધારે તો એથી જે અનેક દિશામાં વેધક પ્રકાશ પાડી શકે તેવી આશા વિદેશી વિદ્વાનો પાસેથી ભાગ્યે જ રખાય. તેમ છતાં યુરોપના અને ખાસ કરીને જર્મનીના કેટલાયે વિબુધવરોએ ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યની ઉત્તમ સેવા એક યા બીજા પ્રકારે બજાવી છે. જૈન સાહિત્યનો જ વિચાર કરીશું તો એના દર્શનાદિક અંગોને લગતી વિવિધ બાબતો ઉપર જર્મન બહુશ્રુતોએ પોતાની માતૃભાષા જર્મનમાં અને આંતરરાષ્ટ્રીય સ્થાને આરૂઢ થયેલી અંગ્રેજી ભાષામાં ઉચ્ચ કોટિનાં લખાણો લખી આ સાહિત્યની સમૃદ્ધિમાં ગૌરવવંતો ફાળો આપ્યો છે. જર્મન લખાણોનો લાભ લેવાય એ માટે પ્રથમ તો આપણે આવાં લખાણો ક્યાં ક્યાં પ્રસિદ્ધ થયાં છે ઇત્યાદિ બાબતો જાણવી જોઇએ. ત્યારબાદ એ લખાણો આપણે મેળવવાં જોઇએ, અને પછીથી એમાંના ખાસ ઉપયોગી અંશોનું આપણી ભાષામાં અને તેમ ન જ બને તો અંગ્રેજી ભાષામાં એ ઉતારાય એવો પ્રબંધ કરવો જોઇએ.

આપણા દેશમાં દસેક ટકા જેટલા લોકોને લખતાં વાંચતાં આવડે છે અને જૈનોની વસ્તી પંદરેક લાખની ગણાય છે. એટલે એ હિસાબે અંગ્રેજીમાં છૂટથી વિચારોની આપલે કરી શકે એવી બાહોશ વ્યક્તિઓ જૈન સમાજમાં ગણીગાંઠી હોય એમાં શી નવાઇ? તેમાં પણ જર્મન ભાષાના જાણકારની સંખ્યા તો આંગળીને વેઢે ગણાય એટલી પણ ખરી કે? આમ જો કે જૈન જ દ્વારા જર્મન લખાણનો યથેષ્ટ લાભ મળવાની આશા બહુ જ ઓછી જણાય છે તો પણ આ કાર્ય અન્ય રીતે પણ થઇ

વિગેરે સ્વરૂપે હું છું કે નહીં કે તેથી કોઇ અન્ય સ્વરૂપે મારું સ્વરુપ છે? કયાંથી થયો? આ દેહની ઉત્પત્તિ સાથે મારી ઉત્પત્તિ થઇ? તો કહે કે ના, હું તો અનુત્પન્ન, અવિનાશી છું. ત્યારે મારું ખરું સ્વરૂપ શું છે? તો તે બધાથી પરઃ—

"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ."

આ શબ્દો અંતર્મુખ ઉપયોગે વિચારવા જેવા છે.

આ કર્મની વળગણા કોના સંબંધે છે? તો કહે કે દેહના સંબંધે છે. ત્યારે તે દેહનો સંબંધ રાખવો કે પરિહરવો? એટલે કે તે દેહાત્મબુદ્ધિ રાખવી કે તેનો ત્યાગ કરવો?

ઇત્યાદિ શબ્દો પણ આત્મભાવ ભાવનાની વિચારણા અર્થે છે. આવા પોતા સંબંધી વિચાર તે આત્મભાવ ભાવના કહેવાય છે. કોઇ ઉત્તમ જીવને આવી વિચારણાનો ઉદય થતાં તેને વિવેકજ્ઞાન–સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે–શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં, પ્રથમ અધ્યયનમાં, પ્રથમ વાક્યમાં પણ આ જ મતલબનો શ્રી જિનેશ્વરે ઉપદેશ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકે તેમ હોવાથી હું અહીં જે જૈન કૃતિઓના જર્મન અનુવાદો મેં નજરે જોયા છે કે એ વિષે મેં વાંચ્યું છે તેની એક કામચલાઉ યાદી આપું છું. એ પરિપૂર્ણ રજૂ કરાય તે માટે મેં મારા મિત્ર એક જર્મન વિદ્વાનને પત્ર લખી માહિતી માગી છે પણ એ તો એમની પરિસ્થિતિને આધીન વાત રહી એટલે અત્યારે આ ખાતું ખોલી રાખું છું. સાથે સાથે ઇટાલિયન અનુવાદો વિષે પણ થોડુંક કહું છું.

જૈન સાહિત્યના આપણે બે વર્ગ પાડી શકીએ. (૧) આગમિક સાહિત્ય અને (૨) અનાગમિક સાહિત્ય. આગમિક સાહિત્ય એટલે આગમો અને એને લગતી વિવરણાત્મક કૃતિઓ. અનાગમિક સાહિત્યના દાર્શનિક, કથાત્મક ઇત્યાદિ વિભાગો પડી શકે. ઉપલબ્ધ સાહિત્યની દૃષ્ટિએ આગમોની રચના સૌથી પ્રથમ થઈ હોવાથી હું એનો અંગાદિ ક્રમે અહીં વિચાર કરું છું.

આયાર નામના પહેલા અંગનું પહેલું સુયક્ખંધનું જર્મન ભાષાંતર પ્રો. વૉલ્થર શુબ્રિંગે કર્યું છે અને એ લાઇપ્ત્સિગથી ઇ. સ. ૧૯૨૬માં છપાયેલા એમના પુસ્તક નામે Worte Mahāvīras ના એક અંશ તરીકે છપાયું છે. (જુઓ પૃ. ૬૬-૧૨૧). આ જર્મન પુસ્તકમાં **સૂયગડના** અમુક ભાગોનો જર્મન અનુવાદ છે.

પ્રો. શુબ્રિંગે Die Jainas (Religions-gesch, Lesebuch) માં **વિયાહપણ્ણત્તિના** અમુક અમુક ભાગનો જર્મન અનુવાદ આપ્યો છે.[1]

સ્ટ્રાસબર્ગથી ઇ. સ. ૧૯૦૭માં ડબ્લ્યુ હિટ્ટમનનો Die Jñāta-Erzahlungen in sechsten Aṅga des Kanons der Jinesken નામનો જે જર્મન ભાષામાં નિબંધ છપાયો છે તેમાં **નાયાધમ્મકહાની** કથાઓનો જર્મનમાં સારાંશ વગેરે છે.[2]

પણ્હાવાગરણને અંગે, જર્મન ભાષામાં એક નિબંધ આપણા દેશના કોઇ વિદ્વાને લખ્યાનું અને એ છપાયાનું સાંભળ્યું છે, પણ એ નિબંધ મારા જોવામાં આવ્યો નથી.

ઓવવાઇયનાં છેલ્લાં કેટલાંક પદ્યોનું પ્રો. [3]શુબ્રિંગે Die Jainas(Rel. Leseb)માં જર્મન ભાષાંતર કર્યું છે.

સૂરપણ્ણત્તિ-સંબંધી પ્રો. વેબરનો નિબંધ નામે Uber die sūryaprajnapti ઇ. સ. ૧૮૬૮માં છપાયો છે. આ આગમનો **ચંદપણ્ણત્તિ** સાથેનો સંબંધ પ્રો. [1]શુબ્રિંગે Die Lehre der Jainas(પૃ. ૭૧)માં વિચાર્યો છે.

પ્રો. અર્નસ્ટ લૉયમેને **આવસ્સયને** લગતા સાહિત્ય વિષે જર્મન ભાષામાં જે વિસ્તૃત [4]નિબંધ નામે Ubersicht der Āvaśyaka-Literatur લખ્યો હતો તે એમના અવસાન બાદ હેમ્બુર્ગથી ઇ. સ. ૧૯૩૪ માં પ્રસિદ્ધ કરાયો છે[4].

---

૧. જુઓ મારું પુસ્તક નામે **આગમોનું દિગ્દર્શન** (પૃ. ૮૭).

૨. વિશેષ માટે જુઓ આ૦ દિ૦ (પૃ. ૧૦૨).

૩ **મહાનિસીહ** એમણે બર્લિનથી ઈ. સ. ૧૯૧૮ માં છપાવ્યું છે. આને અંગે હાલમાં એમણે એક અભ્યાસસંપૂર્ણ નિબંધ લખ્યો છે એમ જાણવા મળે છે.

૪. આના સંક્ષિપ્ત પરિચય માટે જુઓ આ. દિ. (પૃ. ૧૫૭).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રો. લોયમેને દસવેયાલિય(અ. ૧-૩)નો જર્મન અનુવાદ કર્યો છે.

કુંટ ફોન કમ્સ્ટ તરફથી Uber die vom sterbefasten handelnden alteren Painna des Jaina-Kanons નામનો જે લેખ લખાયો છે અને જે હેમ્બુર્ગથી ઈ. સ. ૧૯૨૯ માં છપાયો છે તેમાં પઇણ્ણોમાં આવતી કથાઓ વગેરેના ઉલ્લેખ છે.

આ તો આગમોને અંગેની વિચારણા થઇ એટલે હવે અનાગમિક સાહિત્ય તરફ આપણે નજર કરીશું.

વાચકવર્ય ઉમાસ્વાતિકૃત **તત્ત્વાર્થાધિગમસૂત્રનો** જર્મન અનુવાદ જે પ્રો. હર્મન યાકોબીએ તૈયાર કર્યો હતો તે Z D M G(Vol. 60)માં છપાયો છે. એમાં સ્પષ્ટીકરણ પણ છે.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ રચેલા **યોગશાસ્ત્રના** પહેલા ચાર પ્રકાશોનો જર્મન અનુવાદ ઈ. વિન્ડિશે કર્યો છે અને એ Z D M G (Vol. 28, p. 185 tt.)માં છપાયો છે. બેલોની ફ્રિલિપિએ આ **યોગશાસ્ત્રનો** ઇટાલિયન અનુવાદ કર્યો છે, એમ કેટલાકનું કહેવું છે, પણ મેં આ જોયો નથી.

હેમચન્દ્રસૂરિએ **સિદ્ધહેમચન્દ્ર** નામનું વ્યાકરણ રચ્યું છે. એના આઠમા અધ્યાયનું તેમજ સાથે સાથે એ અધ્યાયના ચતુર્થ પાદને લગતાં 'અપભ્રંશ' મુક્તકોનું જર્મન ભાષાંતર ડો. પિશલે કર્યું છે. એ ઈ. સ. ૧૯૦૦ માં Grammatik der Prakrit-sprachen નામના પુસ્તકમાં છપાયેલું છે.

ડબ્લ્યુ કિર્ફલનો **ઉપમિતિભવપ્રપંચા કથાનો** જર્મન અનુવાદ લાઇપ્તિસગથી ઇ. સ. ૧૯૨૪માં પ્રકાશિત થયો છે. જુઓ Indische Erzahler (No. x)

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **પરિશિષ્ટપર્વ** રચ્યું છે. એના બીજા સર્ગ (શ્લો. ૪૪૬-૬૬૦) ગત કથાનો જર્મન અનુવાદ જે. જે. મેયરે કર્યો છે. જુઓ Isoldes Gottesurteil, Berlin, 1914, p.-130 ff.

પરિશિષ્ટપર્વમાંના કેટલાક ભાગોનો અનુવાદ ડૉ. હર્ટલે કર્યો છે અને એ લાઇપ્તિસગથી ઇ. સ. ૧૯૦૮માં પ્રકાશિત થયો છે. જુઓ "Erzählungen aus Hemacandras Parisitaparvan."

ઉત્તરજ્ઝયણની દેવેન્દ્રકૃત ટીકામાં અગડદત્તની જે કથા પદ્યમાં અપાઇ છે તેનો પદ્યાત્મક જર્મન અનુવાદ જે. જે. મેયરે કર્યો છે.

તરંગલોલાનો ઇ. લૅાયમને જર્મનમાં ઇ. સ. ૧૯૨૧માં અનુવાદ કર્યો છે. H I L (Vol. 11 p. 522) માં એ સંબંધમાં નીચે મુજબ ઉલ્લેખ છે.

"Die Nonne in Z B 111, 193 ff, 272 ff."

[1]ધર્મચન્દ્રકૃત **મલયસુંદરીકથોદ્ધારનો** જર્મન અનુવાદ ડૉ. હર્ટલે કર્યો છે અને એ Indische marchenમાં પૃ. ૧૮૫-૨૬૮માં જેના (Jena) થી ઇ. સ. ૧૯૧૯માં છપાયો છે. આના પૃ. ૨૭૧ ઇ. માં હર્ટલકૃત કણયમંજરી (કનકકથા)નો જર્મન અનુવાદ છે.

ગદ્યાત્મક કથા નામે **અઘટ-કુમાર-કથાનો** ડો. શાર્લટ ક્રાઉઝેએ જર્મનમાં અનુવાદ કર્યો છે

૧ H I L (Vol, II, p. 533) માં 'ધર્મચક્ર' નામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને એ Indische Novellen I (Indische Erzaheler Bd. 4)માં લાઇપ્ત્સિગથીઇ . સ. ૧૯૨૨માં છપાયો છે.

ઉત્તમકુમાર ચરિત્ર કથાનકનું ગદ્યાત્મક રૂપાંતર એ. વેબરે સંપાદિત કર્યું છે. એ રૂપાંતર એમના જર્મન અનુવાદપૂર્વક *SBA (I, 269-310)માં ઇ. સં. ૧૮૮૪માં છપાયું છે.

સોમસુંદરસૂરિના શિષ્ય **જિનકીર્તિ**એ **પાલગોપાલ ચરિત્ર** રચ્યું છે. એનો જર્મન અનુવાદ ડો. હુર્ટલે કર્યો છે. H I L (vol. II, b. 539)માં નીચે મુજબ નોંધ છે:—

" Joh. Hertel, Jinakirtis "Geschichte von Pala and Gopala, " Letpzig 1917 (B S G W 49. Bd. 1917, Heft). "

. કોંસગત લખાણ મારું નથી.

ઉપર્યુક્ત **સોમસુંદરસૂરિ**ના શિષ્ય **જિનકીર્તિ**એ સંસ્કૃત ગદ્યમાં **ચંપકશ્રેષ્ઠિકથાનક** રચ્યું છે. એનો અંગ્રેજી અનુવાદ હુર્ટલે કર્યો છે. એ અનુવાદ સહિત મૂળ કૃતિ Z D M G (Vol. 65, pt. I) માં છપાઇ છે. Indische Markenromane I (Indische Errahler Vol. 7)માં ઇ. સ. ૧૯૨૨માં આ કૃતિનો જર્મન અનુવાદ છપાયેલ છે.

રત્નસિંહસૂરિના શિષ્ય **જ્ઞાનસાગરે** રચેલી **રત્નચૂડકથાનો** પ્રો હુર્ટલે કરેલો જર્મન અનુવાદ Indische Markenromaneમાં લાઇપ્ત્સિગથી ઇ. સ. ૧૯૨૨ માં છપાયો છે.

રત્નસિંહસૂરિના શિષ્ય **જ્ઞાનસાગરસૂરિ**એ **રત્નચૂડકથાનક** રચ્યું છે. એનો પ્રો. હુર્ટલે કરેલો જર્મન અનુવાદ Indis-che marchenromane I (p. 97 ft)માં લાઇપ્ત્સિગથી ઇ. સ. ૧૯૨૨માં પ્રકાશિત થયો છે.

મેઘપ્રભાચાર્યે દશાર્ણભદ્ર નામના મુનિને ઉદ્દેશીને **ધર્માભ્યુદયનો** રચના કરી છે. આ કૃતિને **છાયાનાટ્ય પ્રબંધ** પણ કહે છે. એ જૈ. આ. સ. તરફથી ઇ. સ. ૧૯૧૮ માં પ્રસિદ્ધ કરાઇ છે. એનો જર્મન અનુવાદ Indische Shattentheater (પૃ ૪૮ ઇત્યાદિ)માં છપાયો છે, એમ **જિનરત્નકોશ** (ભા. ૧, પૃ. ૧૯૫ માં) ઉલ્લેખ છે.

હેમવિજયગણિએ દસ તરંગમાં ૨૫૮ કથા આપી પરિપૂર્ણ **કથારત્નાકર** વિ. સં. ૧૬૫૭ માં રચ્યો છે. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઇ. સ. ૧૯૧૧ માં છપાવાઇ છે. આનો જર્મન અનુવાદ પ્રો. હુર્ટલે કર્યો છે. એ મીન્શેન(Miunchen)થી ઇ. સ. ૧૯૨૦માં Meisterwerke Orientalischer Literature (425)માં પ્રસિદ્ધ થયો છે.

---

* આનું આખું નામ " Sitzungsberichte der Preussischen Academie der Wissenschaften in Berlin " છે.

આ S B A જે ઇ. સ. ૧૮૮૯માં છપાયેલ છે તેમાં પૃ. ૭૩૧૪ માં એ. વેબરનો અજ્ઞાતકર્તૃક **સમ્યક્ત્વકૌમુદી** (કે જેમાં કાશ્મીરના કવિ કે આશાધરના સમકાલીન કે પછી અન્ય કોઇ બિલ્હણનો ઉલ્લેખ છે તે) વિષે નિમ્નલિખિત લેખ છપાયો છે.

" Ueber die Samyaktvakaumudi, line eventualiter mit Tausendundeinenachh auf gleiche qualla zurnckgehende indische Erzahlung."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રો. હર્મન યાકોબીએ કરેલા **ભક્તામરસ્તોત્ર**ના જર્મન અનુવાદપૂર્વક આ મૂળ સ્તોત્ર Indische studien (Vol. 4)માં છપાયું છે. આ પ્રોફેસરે [1]**કલ્યાણમંદિરસ્તોત્ર**નો પણ જર્મન અનુવાદ કરેલો છે અને એ Indische studien (Vol. 14)માં છપાયો છે. વળી આ પ્રોફેસરે **શોભન-સ્તુતિ**નો પણ જર્મન અનુવાદ કર્યો છે અને એ પણ મૂળ સહિત Z D M G (Vol. 32)માં છપાયો છે.

ધનપાલે રચેલી **ઉસભપંચાસિયા**નું જર્મન અનુવાદપૂર્વક સંપાદન કલેટે કર્યું છે. આ અનુવાદ Z D M G (Vot. 33)માં છપાયો છે.

સોમપ્રભસૂરિએ **શૃંગાર-વૈરાગ્ય-તરંગિણિ** રચી છે. એનો જર્મન અનુવાદ આર. શ્મિડ્ટ (schmidt) દ્વારા કરાયો છે એ Liebe und Ehe im atten und modern Indien" (p. 36 ff)માં બર્લિનથી ઇ. સ. ૧૯૦૪માં છપાયો છે.

જર્મન અનુવાદો વિષેની રૂપરેખા અહીં પૂરી થાય છે એટલે આ લેખનો બીજો અંશ હવે વિચારાય છે.

ઇટાલિયન અનુવાદો

પ્રશમરતિનું ટીકા સહિત સંપાદન એ. બેલિનિએ કર્યું છે. સાથે સાથે એમણે આ **પ્રશમરતિ**નો ઇટાલિયન અનુવાદ કર્યો છે. એ "[2]જર્નલ ઓફ ધી ઇટાલિયન એશિયાટિક સોસાયટી"માં પુ. ૨૫, પૃ. ૧૭૭ છે. અને પુ. ૨૯, પૃ. ૬૧ ઇ. માં એમ બે કટકે છપાયો છે.

ધર્મબિન્દુ અને **લોકતત્ત્વનિર્ણય** એ બંને કૃતિના કર્તા સુપ્રસિદ્ધ હરિભદ્રસૂરિ છે. આ બંને કૃતિઓનું સંપાદન એલ. સુઆલિએ કર્યું છે. સાથે સાથે એ બંનેનો ઇટાલિયન અનુવાદ પણ આપ્યો છે. ધર્મબિન્દુનો અનુવાદ GSAI ના પુ. ૨૧, પૃ. ૨૨૩ ઇ. માં છપાયો છે, જ્યારે **લોકતત્ત્વનિર્ણય**નો અનુવાદ GSAI ના પુ. ૧૮, પૃ. ૨૬૩ ઇ. માં ઇ. સ. ૧૯૦૫માં ફ્લોરેન્સથી પ્રસિદ્ધ થયો છે.

સોમપ્રભસૂરિએ રચેલા **સિન્દૂરપ્રકર**નો ઇટાલિયન અનુવાદ પવોલિનિએ કર્યો છે. એ એફ. એલ. પુલિ (Pullee) ની પ્રસ્તાવના સહિત "[3]"studi Italiani di Filologia Indo-Iranica" (Vol. II, pp. 32-72)માં ઇ. સ ૧૮૯૮માં છપાયો છે.

ઉપમિતિભવપ્રપંચા કથાનો એ. બેલિનિ (Ballini) એ કરેલો ઇટાલિયન અનુવાદ GSAI (Vols. 17-19 & 21-24) માં છપાયો છે.

રાજશેખરે **અંતરકથાસંગ્રહ** રચ્યો છે. એને **વિનોદકથા સંગ્રહ** પણ કહે છે એમાં ૮૧ કથાઓ ગદ્યમાં છે. એ પૈકી કથા ૭-૧૪ નું ઇટાલિયન અનુવાદપૂર્વક સંપાદન એફ. એલ. પુલે.

---

૧ કલ્યાણમંદિરનો જૂની 'વ્રજ' ભાષામાં અનુવાદ નામે "પરમ-જ્યોતિ-સ્તોત્ર" એલ. પી. ટેસિટરિએ "ઇન્ડિયન એન્ટિકવેરિ" (પૃ. ૪૨, પૃ. ૪૨ ઇ.)માં ઇ. સ. ૧૯૧૩માં છપાવ્યો છે.

૨. આ તો અંગ્રેજી નામ છે. ખરું નામ ઇટાલિયન ભાષામાં છે અને તે "Giornale Della Societa Asiatica Italiana" છે. એને ટૂંકમાં GSAI તરીકે ઓળખાવાય છે.

૩ આને સંક્ષેપમાં SIFI તરીકે ઓળખાવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(Pulle) એ કર્યું છે. એ ' Uno progenitore Indiano del Bartoldo "માં ઇ. સ. ૧૮૮૮ માં બેનેઝિયાથી પ્રસિદ્ધ થયેલ છે. પહેલી ૨૨ કથા પુલેએ SIFI (Vol. I, 1 ff. & II, 1 ff.) માં ફીરેન્ઝેથી ઇ. સ. ૧૮૯૭-૯૮ માં છપાવી છે.

[1]પાપબુદ્ધિ-ધર્મબુદ્ધિ-કથાનકનું ઇટાલિયન અનુવાદપૂર્વકનું સંપાદન ઇ. લોવરિનિ (Lovarini) એ કર્યું છે અને એ GSAI (III, pp. 94-127)માં જોવાય છે.

ઉત્તરજ્ઝયણની દેવેન્દ્રગણિકૃત ટીકામાં અગડદત્તની જે પદ્યાત્મક કથા છે એનો ઇટાલિયન અનુવાદ એ, બેલિનિએ કર્યો છે અને એ ફિરેન્ઝેથી ઇ. સ. ૧૯૦૩માં પ્રકાશિત થયો છે.

ભવવૈરાગ્યશતક યાને **વૈરાગ્યશતક** તરીકે ઓળખાવાતી અને "**संसारे नत्थि**"થી શરૂ થતી પાઇય કૃતિનું સંપાદન તેમજ એનો અનુવાદ એલ. પી. ટેસિટરિએ કર્યા છે. એ અનુવાદ અંગ્રેજીમાં છે કે ઇટાલિયનમાં એનો નિર્ણય કરવો બાકી રહે છે. એ GSAI (Vol. 22, pp, 179-211 Vol. 24, p. 405 ff.)માં છપાયેલ છે.

આ પ્રમાણે યુરોપની ફ્રેંચ ભાષામાં અનુવાદિત પુસ્તકોની પણ નોંધ તૈયાર કરી શકાય.

અંતમાં આગળ ઉપર યુરોપની તમામ ભાષાઓમાં જૈન સાહિત્ય વિષે મૌલિક કે અનૂદિત સ્વરૂપે જે લખાણ પ્રકાશિત થયું છે તેની વ્યવસ્થિત સૂચી આપવાની અભિલાષા દર્શાવી હું વિરમું છું.

---

૧ આ નામની એક કૃતિને **કામઘટકથા** કહે છે.

પ્રગટ થયો છે. ખાસ વાંચવા લાયક અપ્રાપ્ય ગ્રંથ

શ્રીત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર–ભાષાંતર

આવૃત્તિ છઠ્ઠી [પર્વ. ૧-૨] મૂલ્ય રૂપિયા ૭

છેલ્લાં પાંચેક વર્ષથી આ ગ્રંથ મળતો ન હતો તેની છઠ્ઠી આવૃત્તિ અમોએ છપાવીને હાલમાં બહાર પાડી છે. **ત્રિષષ્ઠિશલાકા પુરુષ** ચરિત્રને માટે વિશેષ શું લખવાનું હોય? કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચંદ્રસૂરિજી**ની આ કૃતિ સર્વોત્તમ છે. આપણા જૈન-સાહિત્યમાં સુવર્ણ કળશ સમાન છે. તમારી નકલ આજે જ મંગાવી લેશો.

પાકું હૉલકલૉથ બાઇંડીંગ, ક્રાઉન આઠ પેજી ૪૦૦ પૃષ્ઠ, ઊંચા હોલેંડના કાગળો

મૂલ્ય રૂપિયા ૭

લખો-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભા....સમાચાર

"શ્રી જૈન ધર્મ પ્રકાશ"

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિક વર્ષોથી રોયલ આઠ પેજી સાઇઝમાં નીકળતું હતું પરન્તુ તે સાઈઝના કાગળો મેળવવાની મુશ્કેલીને અંગે આ વર્ષના પ્રથમઅંકથી એટલે કે ઓગણસીત્તેરમા વર્ષના પ્રથમાંકથી તેની સાઇઝ ફેરવીને ક્રાઉન આઠપેજી સાઇઝ કરવામાં આવી છે.

માસિકના પ્રકાશનમાં તૂટો પડતો હોવાથી સં. ૨૦૦૯ ના કાર્તિક શુદિ ૧૪ ને મંગળવારની મેનેજીંગકમિટીના નિર્ણયાનુસાર ટાઇટલ પેજ સહિત વીશ પાનાનું વાંચન આપવામાં આવશે.

ચુંટણી

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની મેનેજીંગ કમિટી તથા હોદ્દેદારોની ચુંટણી સં. ૨૦૦૯ ના કાર્તિક વદિ ૧ ને રવિવારના રોજ જનરલ કમિટી મેળવીને કરવામાં આવશે.

ભેટ પુસ્તક.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના વાર્ષિક મેમ્બરો પાસે. સં. ૨૦૦૭ તથા સં. ૨૦૦૮ નું બે વર્ષનું લવાજમ લેણું પડે છે. સભાસદ બંધુઓ પોતાનું બે વર્ષનું લવાજમ રૂા. ૬-૮-૦ તથા ભેટ પુસ્તકના પોસ્ટેજના ૦-૨-૦ મળી રૂા. ૬-૧૦-૦ મનીઓર્ડરથી મોકલી આપે. તા. ૧૦ મી નવેમ્બર સુધીમાં જે સભાસદ બંધુઓનું લવાજમ મનીઓર્ડરથી નહીં આવે તેમને ત્યારબાદ રૂા. ૬-૧૫-૦ ના વી. પી. થી **"અક્ષયનિધિ તપવિધિ અને ઉપયોગી સંગ્રહ"** નામનું ભેટ પુસ્તક રવાના કરવામાં આવશે.

ઉપયોગી પ્રકાશનો

સભા તરફથી પ્રકાશિત થયેલા નીચેના ઉપયોગી અને અલભ્ય પુસ્તકો શીલીકે થોડા પ્રમાણમાં રહેલા છે. આવા પુસ્તકો હજારોના ખર્ચે પણ ફરીવાર છપાવી શકાતા નથી, તેથી જિજ્ઞાસુઓએ તાત્કાલિક નીચેના પુસ્તકોનો લાભ લેવા સાગ્રહ વિજ્ઞપ્તિ છે.

ઉપમિતિ ભવપ્રપંચા કથા	ભાગ ૧	પાકું હૅાલ ક્લોથ બાઈંડીંગ	૫-૦-૦
”	ભાગ ૨	”	૬-૦-૦
”	ભાગ ૩	”	૫-૦-૦
સિદ્ધર્ષિ	ભાગ ૪	”	૫-૦-૦
શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર	પર્વ-૧-૨	”	૬-૦-૦
” ”	પવ-૩-થી૬	”	૫-૦-૦
” ”	પર્વ-૮-૯	”	૪-૮-૦
શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર	ભાગ ૧ લો	”	૩-૮-૦
”	ભાગ ૨ જો	”	૩-૦-૦
શ્રી વીશ સ્થાનક તપ વિધિ		”	૨-૮-૦
શ્રી ભોજપ્રબંધ ભાષાંતર		”	૨-૦-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણી સભાના સ્વર્ગસ્થ પ્રમુખ શ્રી જીવરાજભાઇ ઓધવજી તરફથી નીચેના પુસ્તકો સભાની લાઇબ્રેરીને ભેટ તરીકે મળ્યા છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

- સન્મતિ પ્રકરણ.
- સમયસાર.
- રાજા રૂદ્રદામા.
- તત્વાર્થ ત્રિસૂત્રી પ્રકાશિકા.
- આપણો ધર્મ.
- યાજ્ઞવલ્કયસ્મૃતિ.
- શ્રી વ્યાસપ્રણીત બ્રહ્મસૂત્રાણી,
- શ્રી શાંત સુધારસ સંક્ષેપ.
- ચત્વારઃ કર્મગ્રન્થાઃ.
- હિન્દુ ધર્મનાં મૂળ તત્વો.
- પચાસ ધર્મ સંવાદ.
- સ્તવન સજઝાય સંગ્રહ.
- યોગબિન્દુ.
- યોગદ્રષ્ટિસમુચ્ચય ભાષાન્તર.
- પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ.
- ગૌતમનીતિ દુર્લભબોધ.
- ગોમ્મટસાર.
- કલાપી.
- જગત અને જૈન જગત.
- બ્રહ્મચર્ય ચારિત્ર પૂજા સંગ્રહ.
- શ્રી પ્રશમરતી પ્રકરણાનુવાદ.
- શ્રી બૃહત્ જીવનપ્રભા.
- શ્રી સકલાર્હત સ્તોત્રમ્.
- શ્રી કેશરીયાનાથ ભજનમાલા.
- શ્રી શત્રુંજય ઉધ્ધારાદિક સંગ્રહ.
- શ્રી જૈન તત્વપ્રવેશક જ્ઞાનમાળા.
- શ્રી વિજયાનંદસૂરિ.
- અશોકનાં શિલાલેખો ઉપર દ્રષ્ટિપાત.
- જગત અને જૈનદર્શન.
- સપ્તસન્ધાન મહાકાવ્યમ્:
- જૈન પ્રશ્નમત દીપિકા.
- શ્રી પ્રમાણનયતત્વાલોક.
- "કેન" ઉપનિષદ.
- સ્યાદ્વાદમતસમીક્ષા.
- ઉત્તરાધ્યયન સૂત્ર.
- શ્રી પર્વતિથિપ્રકાશ-
- શ્રી જગત્કર્તૃત્વ મીમાંસા પ્રકરણમ્.
- શ્રી પુષ્પમાલા પ્રકરણમ્.
- મયૂરદૂતમ્.
- શ્રી નવપદની પૂજા.
- કરેમિભંતે સૂત્ર.
- શ્રીમદ્ રાજચંદ્ર.
- અષ્ટપ્રકારી પૂજા.
- શ્રી મહાવીરનો સામયિક યોગ.
- શ્રી વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી.
- પાતન્જલયોગસૂત્રાણિ.
- રાયચન્દ્ર જૈન શાસ્ત્રમાલા.
- અથ નિરૂક્ત પ્રારંભ.
- શ્રી શાંતસુધારસ ભાવના.
- શ્રી આત્મજ્યોતિ.
- કર્મવિચાર ભા. ૩ જો.
- શ્રી તત્વાર્થ સૂત્ર.
- જૈનદર્શન,
- શ્રી વૈરાગ્યશતકમ્.
- શ્રાવક ધર્મ,
- શ્રી યોગ વિદ્યા
- નવ તત્વ પ્રકરણ.
- શ્રી આત્મવિશુદ્ધિ.
- ત્રણ રત્નો,
- વિજ્ઞાનશતક,
- સાંખ્યકારિકા.
- જૈન-કાવ્યપ્રવેશ,
- શ્રી આગમસારિણિ ગ્રંથ.
- પ્રશમરતિ.
- શ્રી જૈન હિતોપદેશ ભા. ૨, ૩.
- શ્રી સિદ્ધાંત રહસ્ય ભા. ૧
- શ્રીમદ્ ભગવદ્ગીતા.
- શ્રી પ્રબોધ ચિંતામણી.
- સ્યાદ્વાદમંજરી.
- શ્રી કલ્પસૂત્ર મૂળપાઠ.
- અનેકાન્તવ્યવસ્થા.
- શ્રી અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણમ્.
- શ્રી પાર્શ્વનાથચરિત્ર.
- યોગબિંદુ ષોડશક.
- શ્રી હરિભદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ
- ઉપાકૃત દશ ગ્રંથોનો સંગ્રહ.

આ ઉપરાંત પંદર ઇંગ્લીશ રીનોસોરીના પુસ્તકો.

* * *

શ્રી ચત્રભુજ જયચંદ શાહ તરફથી શ્રીકથારત્નકોષ-ભાષાંતર સભાની લાઇબ્રેરીને ભેટ મળેલ છે.

* * *

શેઠ કુંવરજી જેઠાભાઈ તરફથી એક છોડ સભાને ભેટ મળેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેની ઘણા સમયથી આતુરતાપૂર્વક રાહ જોવાની હતી

તે અમૂલ્ય અને અલભ્ય ગ્રંથ પ્રગટ થઇ ચૂકયો છે.

અધ્યાત્મકલ્પદ્રુમ

લેખક—સ્વ૦ મૌક્તિક.

ઉપોદ્ઘાત, વિસ્તૃત વિવેચન, અર્થ, ટિપ્પણ, તેમજ કર્તા-પુરુષ સહસ્રાવધાની આ. શ્રી મુનિસુંદરસૂરિજીનું જીવનચરિત્ર વિગેરે માહિતીપૂર્ણ વિષયો.

ચતુર્થ આવૃત્તિઃ પાકું હૉલ કલૉથ બાઈડીંગ, સુંદર જેકેટ, ક્રાઉન આઠ પેજી સાઇઝના પૃષ્ઠ ૪૮૦, છતાં મૂલ્ય માત્ર રૂા. ૬-૪-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

સ્ત્રી કેળવણીની આદર્શ જૈન સંસ્થા.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ-પાલીતાણા.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શીતળ છાયડીમાં આ સંસ્થા છેલ્લા ૨૮ વરસથી જૈન સમાજની વિધવા, સધવા અને કુમારિકા બહેનોને ખાનપાન અને રહેવાની સગવડ સાથે ધાર્મિક, વ્યવહારિક, હુન્નર ઉદ્યોગ વિગેરે સ્ત્રી ઉપયોગી સર્વાંગી શિક્ષણ આપી ધર્મના સુસંસ્કાર રેડી બહેનોના ભાવી જીવનને ઉજ્વળ બનાવવા અવિરત પ્રયાસ કરી રહેલ છે.

લાંબા સમયની સખ્ત મોંઘવારીને લીધે સંસ્થા ખૂબ જ આર્થિક મુશ્કેલીમાં આવી ગયેલ છે. અત્યારની નાણાકીય મુશ્કેલી નીવારી આવી ઉપયોગી સંસ્થાને ચાલુ રાખવા જૈન સમાજના ધર્મપ્રેમી ભાઈ-બહેનની આવશ્યકીય ફરજ છે. મદદ ઉપરના શિરનામે મોકલવી.

તાજેતરમાં જ બહાર પડ્યું છે

પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા

કર્તા. ડૉ ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S.

મુમુક્ષુઓને માટે આ પુસ્તક સારું માર્ગદર્શક છે એક સો શિક્ષાપાઠો આપી તેમાં વિવિધ વિષયો તેમ જ ગુણોનું સુંદર આલેખન કર્યું છે. છેલ્લે હિતાર્થી પ્રશ્નોત્તરો આપી સામાન્ય વાચક પણ સમજી શકે તેવી શૈલીએ નિરૂપણ કરવામાં આવ્યું છે. વાંચવા યોગ્ય છે. ક્રાઉન સોળ પેજી ૪૦૦ પૃષ્ઠ, પાકું હોલ કલૉથ બાઈડીંગ, મૂલ્ય રૂપિયા અઢી, પોસ્ટેજ જુદું.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

For Private And Personal Use Only